**णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स**

**आयओ गुरुबहु माणो**

# અણગાર ધારા

## પૂજ્ય હરિભદ્રસૂરિ મહારાજા કૃત

## ધર્મબિન્દુ - અણગાર ધર્મ - ચતુર્થ અધ્યાય

## વાચના ૩૧-૩૫

પ્રિયમ્

= અવતરણમ્ =

રિતેશ સરવૈયા

**अहो ! श्रुतम्**

શા બાબુલાલ સરેમલજી બેડાવાળા

સિદ્ધાચલ, હીરા જૈન સોસાયટી,

સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫

મોબાઇલ **– 94265 85904 / E-mail : ahoshrut.bs@gmail.com**

સંવત ૨૦૭૭

२७.०१.२०२१

# ધર્મ બિંદુ ગ્રંથ - વાચના - ૩૧

પૂજ્ય હરીભદ્રસૂરીશ્વરજી મહારાજ, ધર્મ બિંદુ ગ્રંથની અંદર, ચોથા અધ્યાયના સુત્ર નંબર ચોત્રીસમાં કહે છે,

अनुग्रहधियाभ्युपगमः।

બધી જ પરીક્ષા થઈ ગઈ, બધું જ સમજાવી-દીધું, TRAINNING થઈ ગઈ, દીક્ષાર્થીએ પરિવાર ની રજા લઈ લીધી, હવે ગુરુનું કર્તવ્ય છે કે એમનો સ્વીકાર કરે. બહુ સરસ મજાની વાત હરીભદ્રસૂરી મહારાજ એ જણાવે કરે છે, કે -

## સ્વીકારતી વખતે ગુરુના ભાવ કેવા હોવા જોઈએ ?

હરીભદ્રસૂરી મહારાજ કહે છે, અનુગ્રહ બુદ્ધિથી દીક્ષાર્થી ને સ્વીકારવાના. બધી વિધિ બરાબર થઈ, સ્વીકાર કરતી વખતે ગુરુ ને જો ભાવ છે કે-ચાલો ભાઈ એ મારી સેવા કરશે, ત્યાં વિધિ-તુટે છે. સ્વીકાર કરતી વખતે ગુરુ ને એવો ભાવ છે, કે ચાલો ભાઈ મારી સાથે બે જણ હતા, હવે ત્રણ જણ થયા, પરિવાર થોડો મોટો લાગશે, સંઘમાં પ્રભાવ સારો પડશે, લોકોમાં મારુ સારુ દેખાશે. ત્યાં વિધિ તુટે છે !

સ્વીકાર કરતી વખતે ગુરુ એમ વિચારે કે બીજાને પણ ખબર પડવી જોઈએ કે મારી પાસે પણ દીક્ષા થાય છે, ત્યાં વિધિ તૂટે છે.

अनुग्रहधियाभ्युपगमः।

## ગુરુત્વ એ કોઈ STATUS નથી!

ગુરુત્વ એટલે કોઈ બહુ મોટું PROMOTION-મળી ગયું એવું પણ નથી.

## ગુરુત્વ એ એક જવાબદારી છે!

માત્ર ને માત્ર, એક આત્માનું કલ્યાણ થાય, એના માટે પોતાની સાધનામાંથી ઉદારતાપુર્વક, જિનાજ્ઞાપૂર્વક, આગમ વિધિ ને અનુસારે, એક-આત્માનો શિષ્ય તરીકે સ્વીકાર કરીને, એમને છેલ્લા શ્વાસ સુધી નિર્મળ સંયમ પળાવવાની - જવાબદારી લેવી, આનું નામ ગુરુત્વ!

अनुग्रहधियाभ्युपगमः।

એક આત્મા ઉપર, ઉપકાર કરવા માટે જ, દીક્ષાર્થી નો સ્વીકાર કરવાનો છે.

Vedanta READ | WRITE | GROW

જો ગુરુ દીક્ષાર્થીને એમ સમજાવે કે એ તારે મારા જ શિષ્ય બનવાનું. ત્યાં અનુગ્રહ બુદ્ધિ નથી. જો ગુરુ દીક્ષાર્થીને એમ સમજાવે, કે એ તું દીક્ષા લે, તો તારે મારા જ શિષ્ય બનવું, આવું નક્કી કર. ત્યાં દીક્ષા, અનુગ્રહ, જિનાજ્ઞા-પાલન, એના કરતા અહમ - મમનું મુલ્ય વધી ગયું હોય છે. અને ત્યાં,

## તાત્વિક ગુરુત્વ જ રહ્યું નથી હોતું !

પૂજ્ય જયસુંદરસૂરીશ્વરજી મહારાજ, એમની પાસે કોઈ વ્યક્તિ આવી હોય, ને વાત કરે કે સાહેબ - આપના શિષ્યએ સરસ પ્રવચન આપ્યું, આવી કંઈક વાત છે. વાત શરૂ થાય છે, આપના શિષ્ય, અને સાહેબ તરત બોલી ઉઠે મારા નથી, શાસનના છે. જે ગુરુત્વની અભિમાનતાથી પર હોય છે એ તાત્વિક ગુરુ બની શકે છે. જેને શિષ્યની અંદર પણ પંચત્ર-પરમેષ્ઠિ દેખાય, એ તાત્વિક ગુરુ બની શકે છે. જેને શિષ્ય પ્રત્યે માલિકીનો કોઈ જ ભાવ નથી, પણ જવાબદારીનો ભાવ છે, એ તાત્વિક ગુરુ-બની શકે છે.



Vedanta
READ | WRITE | GROW

જે માત્ર અનુશાસન પુરતા ગુરુ બને, અને એ સિવાય વ્યવહારની અંદર, જેમનું ગુરુત્વ ન હોય, હું મોટી આવી કોઈ જ સંવેદના ન હોય. આગળ-વધીને અનુશાસન વખતે પણ, એક માત્ર વ્યવહાર-ની અંદર એમનો ગુરુત્વ પર્યાય પ્રગટ થતો હોય, અને નિશ્ચય દ્રષ્ટિએ, મારા કોઈ શિષ્ય નહિ ને હું કોઈનો ગુરુ નહિ.

## હું શુદ્ધ આત્મા માત્ર છું!

મને કોઈ અપ્રશસ્ત પણ સંબંધ નથી, મા-બાપ, - પતિ-પત્ની, પુત્ર-પુત્રી વગેરેના. મને કોઈ પ્રશસ્ત પણ સંબંધ નથી, મને પ્રશસ્ત અને અપ્રશસ્ત - એવા કોઈ જ સંબંધ નથી, એ જ નિશ્ચય શુદ્ધ આત્મા છે.

ગુરુ પાસે એ આ પરિણતિ નથી,
ગુરુ પાસે એ આ ભૂમિકા નથી,
તો ગુરુ, ગુરુ થયા દ્વારા,

**નવા સંસારમાં પ્રવેશ કરતા હોય છે!**

Vedanta
READ | WRITE | GROW

સભાનો પ્રશ્ન :- જે એક નવા સંસારમાં પ્રવેશે,
પણ શાસનની તો રજા કરે છે ને.

પૂજ્યશ્રીનો ઉત્તર :- આ છે ને એક આદર્શ કક્ષાની વાત છે. પ્રશ્ન તમારો બરાબર છે. આ એક આદર્શ કક્ષાની વાત છે, જે રીતે, યોગદ્રષ્ટિ સમુચ્ચય ગ્રંથની અંદર, યોગબિંદુ ગ્રંથની અંદર, હરીભદ્રસૂરી મહારાજજી સમ્યગ્ દ્રષ્ટિ માટે કહ્યું,

भिन्नग्रन्थेस्तु यत् प्रायो मोक्षे चित्तं भवे तनुः

ગ્રંથિ ભેદ થઈ ગયો એટલે સમજુ લોકો એમનું મન છે, જે,

મોક્ષમાં હશે ને સંસારમાં માત્ર શરીર હશે!

સમ્યગ્દ્રષ્ટિ એને કહેવાય, અને આગળ વધીને, એવા એવા સમ્યગ્ દ્રષ્ટિ જેમને આદર્શ કહેવાય, જેમને ઉચ્ચ સત્કૃતિ કહેવાય, નીકટ મોક્ષગામી તરીકે ભગવાને જેમને પ્રમાણિત કર્યા એવા આત્માઓ રૌદ્ર ધ્યાનની અંદર, નરકમાં રવાના થઈ જાય. ક્ષાયિક સમ્યક્ત્વ ના માલિક,

જેવા સત્યકી વગેરે સાતમી નરક ભેગા થઈ ગયા. યોગ ગ્રંથો, આદર્શ, ઉત્કૃષ્ટ સમ્યક્તિ, એ બધાની વાત અને PRACTICAL ચરિત્ર ગ્રંથો જોઈએ, આગમ ગ્રંથો જોઈએ, તો પહેલી દ્રષ્ટિ એ વિરોધ લાગે. આવું ન બનવું જોઈએ. અને છતા બની રહ્યું છે. છતાં ય એ સમ્યક્તિ જ છે, મિથ્યાત્વી થઈ જતા નથી. દુર્ગતિમાં એ ભય છે, એની ના-નથી. નીકટમાં મોક્ષે જવાના એની પણ ના નથી. એટલે આ બધાનું CONCLUSION એવું છે, કે આ બધી પ્રરૂપણા કે સમ્યક્તિ આવા જ હોય, પ્રાય: કરીને મોક્ષમાં મન હોય અને શરીર અહીંયા હોય. સમ્યક્તિ એટલે સમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા, આસ્તિક્ય લક્ષણ થી સંપન્ન હોય, શ્રાવક એટલે સતત ને સતત સંસારનો ત્રાસ એમને વર્તતો હોય, સાધુ એટલે ઉત્કૃષ્ટ પુરુષાર્થ, પ્રત્યેક ક્ષણે જેમને, મોક્ષ માટેનો હોય. આવી બધી જે વાત શાસ્ત્રોની અંદર કરી, આદર્શની વાત છે. ઉપાદેય બુદ્ધિ-એને બદ્ધ લક્ષ્ય કરવા માટે ની વાત છે. અને PRACTICAL ની અંદર, બને કે કંઈક આઘુ પાછુ પણ થાય. નિશ્ચય નય કહે છે કે આ એક નવો સંસાર છે!

Vedanta

વ્યવહાર નય કહે છે કે આમ જ સંસાર ચાલે છે, ને આમ જ મોક્ષ માર્ગ પણ ચાલે છે. છેદ સુત્રનો એક પદાર્થ છે, કે ગુરુ જે કોઈને પણ - નિ:સ્વાર્થ ભાવે ભણાવે, એની ના નહિ. આવી - રીતે ભણાવે એને ગુરુ કહેવાય, એક મહાત્મા છે એમની પાસે કોઈ ભણવા આવે છે, ત્યારે ભણાવ- વાની વિધિ શું ?

એક કોઈ બીજા સમુદાયના, બીજા- ગ્રુપના, બીજા ગચ્છના, કોઈ મહાત્મા, ભણવા આવ્યા છે મહાત્મા પાસે, છ-બાર મહિના, બે-ચાર વર્ષ, કદાચ ત્યાં ભણવા માટે રહેશે, વિધિ માં - બતાવ્યું, કે એ મહાત્મા, આગંતુક મહાત્માને પોતાની દિક્ આપે. દિક્ નો અર્થ છે દિશા. આ - શાસ્ત્રીય પરિભાષા નો શબ્દ છે,

**દિશાનો અર્થ છે, ગુરુ-શિષ્યનો સંબંધ!**

દીક્ષાની આખી વિધિમાં, સૌથી મહત્વની વિધિ કોઈ હોય તો એ ઓઘો નથી, કરેમિ ભંતે નથી, લોચ પણ નથી, હરીભદ્રસૂરીશ્વરજી મહારાજ, ષોડશક-

પ્રકરણ ગ્રંથની અંદર કહ્યું છે,

तत्स्थापना तु दीक्षा तत्त्वेनान्यस्तदुपचारः।

જે નામ સ્થાપના થાય, જે દિગ્બંધન થાય, એ-જ દીક્ષાની વિધિ છે, બાકી બધું જ ઉપચાર છે. દિગ્બંધન ની વિધિ દીક્ષા પુરતી જ હોય એવું નથી, હજુ આગળ સુધીને કોઈ મહાત્મા ભણવા-આવ્યા, ત્યારે દિક્બંધનની વિધિ કરીને, એ મહાત્મા, જે હવે એમને ભણાવવાના છે, એ-પોતાની દિક્ આપે, એટલે પોતે એમના ગુરુ બને, એમને પોતાના શિષ્ય બનાવે. ભણાવવાના સમય પુરતુ. છેદ સુત્રની અંદર જ્યાં આ ધરનાની વાત આવી ત્યાં, પ્રશ્ન કરવામાં આવ્યો. એમને ભણાવે ને દિક્ આપવાની જરૂર શું છે ? એને પ્રશ્ન કરવામાં આવ્યો, ત્યાં જવાબ આપ્યો, છે કે ભાઈ વાત સાચી છે, એમને એમ પણ ભણાવી શકે, એમને એમ ભણાવે એમાં પણ કશું-ખોટું નથી. એમને શિષ્ય બનાવી ને જ ભણા-વવા આવું પણ અમે નથી કહેતા. પણ-કાળદોષથી પણ આ રીતે મમત્વથી ભણાવે, તો એ રીતે પણ પૈસાનું ભણાય તો ભય. એ રીતે પણ શ્રુતની પરંપરા આગળ તો વધે.

Vedanta READ | WRITE | GROW

એ રીતે પણ જે મહાત્મા જ્ઞાન પામીને, પોતાના સંયમી આત્માને ઉજ્જ્વળ બનાવે. એટલા માટે અમે કહીએ છીએ કે દિગ આપીને ભગાવવા ! MARK કરવાની વસ્તુ એ છે એમ નથી કહેતા કે દિક્ષ આપી દીધું એટલે કુગુરુ ! એમને એમ ભગાવે એ સદ્‌ગુરુ ! એટલે આ બધા પદાર્થો ની અપેક્ષા સમજવી પડશે, કે ACTUALLY શું કહેવા માગે છે.

અનુગ્રહ થી આવ્યું, દિક્ષ આપવાની વિધિ થાય, એ વિધિપૂર્વક, જે રીતે દીક્ષામાં વિધિ થાય, મંગલ સ્વરૂપે દેવવંદન થાય, ત્રણ ભગવાનની પ્રદક્ષિણા આપે, નંદિ સૂત્રનું શ્રવણ કરે.

હવે અહીંયા જે વાત કરી,

अनुग्रहधियाभ्युपगमः

કે ગુરુ પણ અનુગ્રહ બુદ્ધિથી એક આત્મા ઉપર-ઉપકાર કરવા, કરુણા કરવા, દીક્ષા આપે. આ એક આદર્શ વાત છે આ એક ગુણ વિધિની-વાત છે. કઈ પરિણતિ સાથે હોવી જોઈએ, એની વાત છે. ધારો કે કોઈ ગુરુ એ રીતે દીક્ષા આપે છે કે

ચાલો ભાઈ મારી સેવા કરશે, કે ચાલો પરિવાર આપણો
વધશે. અથવા છાપ સારી પડશે. તો એ રીતે દીક્ષા
ન જ આપી શકાય, ન જ લઈ શકાય, ત્યાં એ -
જવાબ છે કે અને તો આ ભાવ શુધ્ધિ
લાવવી. હેતુ આ ભાવની કલુષિતતા છે, એ ભયનો
સારુ છે. કદાચ એ ન જ ભય, તો દીક્ષા ન જ -
આપવી એવું નથી, એમાં પણ વિકલ્પ છે, એક તો
આપે છે પણ એવા ભાવથી, અને પાછળથી સંયમનું
પાલન થાય એવું નથી, મહાવ્રતો સચવાય એવા નથી,
જે બધી રીતે કલુષિત જ છે, તો ત્યાં ન દેવાય એ
ઉચિત છે. ભલે થોડો ઘણો મમત્વ ભાવ છે, થોડો
અહંકાર છે, થોડો ઘણો કષાય છે, થોડો ઘણો -
પ્રમાદ છે, પણ મહાવ્રતોનું પાલન સારી રીતે થઈ શકે
છે, સંયમનું પાલન થઈ શકે છે, ત્યાં પણ એવી
દીક્ષા તદ્દન અનુચિત છે, ગુરુને જ્યાં આ ભાવ
આવ્યો, ત્યાં દીક્ષા અપાય જ નહિ, આવું પણ
નથી. કારણકે આપણી કોઈ પણ ક્રિયા, કોઈ પણ
ધર્મ, આ BASE ઉપર થાસી શકે એમ જ નથી.
નહિ તમારે વ્યાખ્યાન આપવા જવાય, નહિ તમારે
વ્યાખ્યાન સાંભળવા જવાય, નહિ તમારે પુજા કરવા
જવાય. આપણે બધા ક્યાંક ને ક્યાંક, કોઈક ને

કોઈક સુક્ષ્મ કે બાદર કલુષિતતાથી પ્રાયઃ ભરેલા હોઈએ છીએ. પરિશુદ્ધ ધર્માનુષ્ઠાન આપણું કેટલું ? અને કરવું હોય તો એકદમ શુદ્ધ કરાય, પરિશુદ્ધ કરાય, નહિં તો ના કરાય. આવા BASE ઉપર તો કોઈ છોકરાએ સ્કુલે પણ ના જવાય. નવ્વાણું માર્ક વાળાને FAIL ગણવા પડે. એ જ ધોરણમાં રાખવા પડે. એમ કરો કોઈ સંસારનો પણ વ્યવહાર ન ચાલે. અને શાસનનો પણ વ્યવહાર ન ચાલે.

એક બાજુ આ વાસ્તવિકતા છે, અને બીજુ બાજુ આદર્શ તો આદર્શ જ છે, વિધિ તો વિધિ જ છે, એમાં હું જેટલો ચુકુ છું, એક આત્માને હું દીક્ષા આપી રહ્યો છું, મારામાં ક્યાંક એવો ભાવ જાગી ગયો છે, ત્યાં ગુરુ તરીકે ની ફરજ વહન કરતા, દીક્ષા આપીને મને જે નિર્જરા થવાની હોય, એ નિર્જરા ઓછી થશે, એટલું એ પુણ્ય મારું નબળુ રહેશે, જ્યાં જ્યાં હું શુદ્ધ ભાવથી અનુશાસન કરી શકીશ અને ક્યાંક ક્યાંક મારી અંદર કલુષિતતા છે, અને હોશ એ એમાં ફરક પણ રહેશે, એના દ્વારા ફળમાં પણ ફરક રહેશે.

છતાં પણ જ્યાં સુધી, મુળ ઉદ્દેશ્યનું વહન થાય, જેને દહેરાસરની અંદર જઈ ને ફળ, નૈવેદ્ય, આભુષણ- ની ચોરી જ કરવી છે, અથવા મનમાં ભગવાન- માટે ગાળો જ બોલવી છે, એ ન આવતો સારુ, આવું ચોક્કસ કહી શકાય. પણ તમારું મન - દહેરાસરમાં આડું અવળુ ભમે છે, ભટકે છે, સંસાર- ના વિચાર છે, તો તમે દહેરાસર જવા માટે લાયક નહિ, આવુ બોલવાનું પણ પ્રાયશ્ચિત આવે. એટલે દીક્ષા આપીને એ હું પૈસાનું સંયમ બગાડી નાખવાની છું, મહાવ્રતો એ પાળી શકે એવું - વાતાવરણ નથી આપવાનો, એ આત્મા દીક્ષા લઈને વધુ પાપમાં, દોષમાં પડે, આવું હું કાંઈક કરી નાખવાની છું, અને પાછો મને મમત્વનો, મારા શિષ્ય, મારો પરિવાર, આવો બધો ભાવ છે, તો - તો હું દીક્ષા આપવા માટે તદ્દન નાલાયક જ છું. પણ ક્યાંક ક્યાંક એવા ભાવ આવે છે, અને - સાથે એના આત્મા નું બગડે નહિ, એના આત્માનું કલ્યાણ થાય, સંયમ પ્રાયોગ્ય વાતાવરણ, સ્વાધ્યાય, હિતશિક્ષા વગેરે દ્વારા, કે જેને ભગવાન, સંયમ પ્રવન ચોક્કસ કહે, એવું પ્રવન એ પુરી શકે, આવું એમને હું આપી શકું છું, તો પછી થોડી

27.09.2021

ઘણી કલુષિતતાથી, હું ગુરુ તરીકે રહેવાનલ ના થાઉં. આજે સમય થયો છે, જાગે જાગતું - રાખજો.

x x x x x

૨૪.૦૧.૨૦૨૧

# ધર્મ બિંદુ ગ્રંથ - વાચના ૩૨

પૂજ્ય હરીભદ્રસૂરીશ્વરજી મહારાજ, ધર્મ બિંદુ ગ્રંથના ચોત્રીસમાં સૂત્રની અંદર, દીક્ષા વિધિના સંદર્ભમાં આગળ વધે છે,

अनुग्रहधियाभ्युपगमः।

એક મુમુક્ષુ ને અનુગ્રહ બુદ્ધિથી, કરુણા બુદ્ધિથી, ગુરુ એ સ્વીકારી લીધા, રાખી લીધા, પછી શું - કરવાનું ? તો નિમિત્ત પરીક્ષા કરવાની ! નિમિત્ત - પરીક્ષા, નિમિત્ત નો અર્થ છે, કોઈ પણ બનતી - ઘટના, કે જેની પાછળ કોઈ પ્રકારની સંકેત રહેલી છે ને સંકેત કયો રહેલો છે એને સમજવા માટેના - શાસ્ત્રો છે, જેને નિમિત્ત શાસ્ત્ર કહેવાય. મયુર - એટલે કે મોર નો અવાજ થાય જ્યારે શિષ્યને - સ્વીકારતા હોય એ સમયે, અથવા તો કોઈ - મહત્વની ઘટના ના સમયે, તો એ પ્રશસ્ત અવાજ કહેવાય.

ગુરુ એને સંમતિ આપે છે કે ચાલ - ભાઈ તુ અહિંયા TRAINNING માં આવી જ, એ જ સમયે ઘંટનાદ અને ભેરથી થાય, સમજુ લો કે આ શુભ નિમિત્ત સંકેત આપી રહ્યું છે. કે આ આત્મા નો સ્વીકાર બરાબર કર્યો છે, તો એનું પરિણામ બહુ સારુ આવશે.

मीणं घंटं पडागं च सिद्धमत्थं विउनागरे ॥
रस्तामां जई रह्या छे ने ओ ज समये सामेथी कोई
माछला ना आकार, नुं कोई चित्र आव्युं, मुर्ति -
आवी, कोई FISH POND लईने आव्युं -
समजु लो काम थई गयुं घंट नाद थवा लाग्यों,
समजु लो काम थई गयुं, ध्वज सामे देखाई समजु-
लो काम थई गयुं, सिंहासन सामेथी आव्युं -
समजु लो काम थई गयुं, महात्मा सामेथी आवी
रह्या छे, समजु लो काम थई गयुं, आवा अलग-
अलग निमित्तो निमित्त शास्त्रनी अंदर आप्या.
अने आ निमित्त परीक्षा ओ पहेला नंबरमां -
करवानी कही. हमणां छे ने ज्योतिष नुं महत्व
वधी गयुं छे, ज्योतिष करता पण निमित्त नुं
बळ वधारे छे, आवुं शास्त्रोनी अंदर कह्युं छे.

तमे जेकदम PERFECT कुंडळी,
PERFECT ग्रहो,
PERFECT नवमांस,
बधुं ज जोई लीधुं छे ने मुहूर्त काढ्युं छे जेकदम
BEST मुहुर्त कहेवाय जेवुं छे. अने ओ मुहुर्ते पण
काम करवा जता, सामेथी कंईक अशुभ निमित्त -

આવ્યું ને એવું કંઈ થઈ ગયું, કે જે એવો સંકેત આપે છે કે આ કામ થઈ શકે એમ નથી, જ્યોતિષ ને બાજુમાં મુકીને, નિમિત્ત કહે છે, એ સ્વીકારી લેવું, આવું શાસ્ત્રો કહે છે, એટલે અહીંયા કહ્યું, નિમિત્ત ની પરીક્ષા કરવી, ભાવિ કાર્ય સુચક એવા શુકન વગેરે જેને શાસ્ત્રીય ભાષામાં શકુન કહેવાય, એની પરીક્ષા કરવી.

નિમિત્તશુદ્ધેः પ્રધાનવિધિત્વાત્ ।

તમે ગમે તેટલું CHECK કર્યું, આ કર્યું, તે કર્યું, તમને પ્રતિતી થઈ, હીઝાબો બરાબર પણ લાગે છે, હરીભદ્રસૂરી મહારાજ કહે છે કે, PRIORITY-શાની છે, જેનું મહત્વ સૌથી વધારે હોય એ શું છે? તો કહે છે નિમિત્ત છે, બધુ બરાબર છે, નિમિત્ત બરાબર નથી, તો એ કામ કરવા-માટે આગળ ન વધવું જોઈએ.

## સુત્ર નંબર પાત્રીસ.

**સભાનો પ્રશ્ન :-** સાહેબ, નિમિત્ત કૃત્રિમ રીતે કરવામાં આવે તો એ એઈતું ફળ આપે કે ન આપે?

પૂજ્યશ્રીનો ઉત્તર:- પ્રશ્નને વધારે સ્પષ્ટ કરી દઉં કે, અત્યારે સાથિયું છે ને તમે બેડાઓ લઈને સાથે આવ્યા, ઘણાને હકીકતમાં ખબર નહિ હોય પણ સારું નિમિત્ત આપવા માટે છે.

શિષ્યોનો પ્રતિભાવ:- પણ સાહેબ એ બેડા લાવ્યા એ ખાલી હોય તો?

પૂજ્યશ્રીનો પ્રતિભાવ:- હા એ પણ છે, પૂર્ણ કળશ એને શુભ નિમિત્ત તરીકે ગણાવ્યું છે. કદાચ પાણી નહિ તો બીજુ પણ કોઈ શુભ વસ્તુથી એને ભરવો જોઈએ. પાણીથી ભરેલો કળશ હોય એને શુભ નિમિત્ત કહેલું છે. છતાં પણ એ પાણીથી ભરેલો પણ કૃત્રિમ રીતે લાવવામાં આવે, એમાં નિમિત્ત કેટલું બળવાન કે નહિ બળવાન એ વાતને આપણે બાજુમાં રાખીએ, પણ એક સંઘનો ભાવ કે જ્યારે મહાત્માને મંગળનું અર્પણ કરવું છે. શુભ નિમિત્ત આપવું છે. આ જે ભાવ છે, એ ભાવ મંગળ હોય છે. હવે આગળ વધીએ, એ દ્રવ્ય મંગળની પણ ઓછી-વત્તી તાકાત છે જ.

પ્રત્યક્ષથી પણ, કૃત્રિમ રીતે પણ મંગળ આપવામાં આવે, આ ઘરના આગમની પણ અંદર આપવામાં આવી છે. અને માટે ભગવાનની દીક્ષા નો - વરઘોડો હોય શાસ્ત્રમાં એનું વર્ણન છે, અજાણી - માં એનું વર્ણન છે,

अष्ट मंगल

પહેલા આઠ મંગલ, જે ભગવાનની આગળથી - ઉપસ્થિત થાય છે. પછી દીક્ષા નો વરઘોડો આગળ ચાલે છે. એટલે જે કૃત્રિમ મંગળની પણ તાકાત છે. આગળ વધીને જેને ભાવ મંગળ કહ્યું, જે ભાવ છે એની પણ અનેક ગણી તાકાત છે, અને - નિમિત્તથી પણ આગળ કોઈ વસ્તુ બતાડી હોય, વાર, વાર કરતા તિથી, તિથી કરતા આ બધા - ગ્રહોની કુંડળી, જે બધા કરતા નવમાંસ, આ - બધા હોય એમ ઉત્તરોત્તર તાકાત વધે, એના - કરતા વધારે નિમિત્ત ની તાકાત વધે. અને છેલ્લી વસ્તુ જે બતાડી છે, એનું નામ છે ઉલ્લાસ!

મહોત્સવ નો પ્રવેશ થઈ રહ્યો હતો લોકો ને લાગે છે, ઠીક છે, આવે છે, ભય છે, ઉલ્લાસ નથી તો ઘણી બધી અચો કર્યાં કરવા છતા

મંગળ નથી. કદાચ કર્યું નથી પણ સંઘનો ઉલ્લાસ છે, અને મહાત્મા ને આવના... આવના.. જરૂર નહિ કેમ પણ મને જાણ્યો બધો ઉલ્લાસ આવી રહ્યો છે, અને ઉલ્લાસ ખરેખર જેવો આવી રહ્યો છે તો એ પણ એક ભાવિ કાર્યનું સુચક છે કે આ ચૌમાસુ અથવા તો જે પણ કોઈ દીક્ષા, મહોત્સવ, વગેરે નિમિત્તે, મહાત્મા પ્રવેશ કરી રહ્યા હોય, એ કાર્ય સારામાં સારી રીતે સંપન્ન થશે.

લોકોનો પ્રશ્ન :- નિમિત્ત આવે સામેથી તો - આપણું કર્તવ્ય શું છે ?

પૂજ્યશ્રીનો ઉત્તર :- નિમિત્ત ને માન આપવું, મહાત્મા સામેથી આવી રહ્યા છે, તમે ઓફિસ માટે નીકળી રહ્યા હતા, તમે હાથ-જોડ્યા નહિ તમને કંઈ પડી નથી, તમે અવજ્ઞાથી આગળ વધી ગયા તો એ તમારા માટે ~~મંગ~~ મંગલ-નહિ, એટલે,

મઙ્ગલબુદ્ધ્યા ગૃહીતમેવ મઙ્ગલં ભવતિ ।

જેને તમે મંગલ બુદ્ધિથી લો એ તમારા માટે મંગલ !

સભાનો પ્રશ્ન :- સાઇડ વાહનમાં હોઈએ ને સામેથી મહાત્મા દેખાય તો શું કરવાનું ?

પૂજ્યશ્રીનો ઉત્તર:- વાહન ચલાવતી વખતે, તમારે TRAFFIC વગેરે, ઉપાધિઓ - થાય એવું ના હોય, તો તમારે સાઇડમાં વાહન - પહેલેથી રોકીને, નીચે ઉભા રહીને, મહાત્મા ને ભાવ - થી મત્થએણ વંદામિ કરવું. વાહનની અંદર, મહાત્માની સામે બેઠા રહેવામાં પણ આશાતના છે. એવી પરિસ્થિતિ હોય કે તમને દરેક વખતે સામે દસ મહાત્મા મળતા હોય ને દરેક વખતે આ શક્ય ના હોય, તો તમે ભાવથી પણ ચાલુ વાહને - મત્થએણ વંદામિ કરી શકો. ઘણા ભાગ્યશાળી એક હાથ જોડીને મત્થએણ વંદામિ કરે, એમને ચિંતા થતી હોય, ક્યારેક એવા દર્શન થતા હોય, બંને હાથ છોડીને ચાલુ ગાડીએ હાથ જોડે, આવા - પણ ભાગ્યશાળીઓ મળતા હોય છે, ત્યારે અમારો શ્વાસ અધ્ધર થઈ જાય કે ભાઈ એમને હાથ - નહિ જોડો તો ચાલશે, પણ તમને કંઈ થવું ના - જોઈએ. એટલે આવું ના કરવું જોઈએ.

મુળ વિધિ એ છે કે જ્યાં ઘણા બધા મહાત્માઓ હોય, ત્યાં અમારાથી રહેવાય જ નહિ. અત્યારે પરિસ્થિતિ એવી થઈ ગઈ, તમારી ચિત્ર વિચિત્ર-પરિસ્થિતિ, ગામડાઓ ખાલી થયા, નથી ખાલી થયા ત્યાં અમારે, ~~એક~~ એક કે બીજા કારણે-જવાનું ઓછું પડતું હોય. અહીંયા અમુક જ શહેરો-માં એટલી બધી ભરાવો, અને એના કારણે-ઘણા-બધા દ્રવ્ય અને ભાવ દોષો લાગતા હોય, એટલે શાસ્ત્રીય રીતે તો એવી જ્યાં પરિસ્થિતિ હોય ત્યાં તો અમારે રહેવાય જ નહિ.

## ચોમાસા યોગ્ય તે ક્ષેત્રના ગુણો

કલ્પસુત્રની વૃત્તિ માં કહ્યા ત્યાં સ્પષ્ટ કહ્યું જ્યાં, ઘણા-બધા, સાધુ, સાધ્વી, બાવા, જોગી, સંન્યાસી, તાપસ, પરિવ્રાજક વગેરે, ગોચરી, ભીક્ષા, વગેરે માટે ફરતા હોય, ત્યાં ન રહેવું. છતા, કોઈને શારિરીક કારણો સર, કોઈને બીજા કારણો સર, અત્યારે આવી પરિસ્થિતિ થઈ ગઈ, અને એના કારણે આવા બધા પ્રશ્નો પણ ઉદ્ભવે, મેં કહ્યું કે વાહનમાંથી ઉતરીને મત્થએણ વંદામિ કરવા, સારું છે તમારો પ્રશ્ન હોય એ તમે નથી પુછતા,

Vedanta READ | WRITE | GROW

હું તમારા વતી પુછી લઉં, કે સાહેબ પછી અમારે ઓફિસે પહોંચવામાં, અડધો એક કલાક મોડું થઈ જાય ને સાહેબ અમારી જે સ્થિતિ નથી કે અમે એને FACE કરી શકીએ, તો શું કરવું ? એનો હું જ તમને જવાબ આપુ છું.

## જ્યાં શક્યતા નથી ત્યાં તમને માફી મળશે!

તમે દહેરાસર જઈ રહ્યા છો, વ્યાખ્યાનમાં જઈ રહ્યા છો, તમે ચાલતા જઈ રહ્યા છો, મહાત્મા - તમને મળે છે, તમને કંઈ મહાત્મા જેવું લાગતું નથી, તમે તમારી જ રીતે, ચાલતા રહો છો. તમે - હાથ જોડતા નથી, મત્થએણ વંદામિ કરતા નથી, માથુ નમાવતા નથી, આ અઢીદ્વીપ ના સમસ્ત - સાધુ-સાધ્વીજી ભગવંતોની આશાતના છે. કદાચ તમારી પરિસ્થિતિ જ નથી ને તમે હાથ ન જોડી શક્યા, તમારો ભાવ છે તમને માફી મળશે. જે ભાવથી વંદન છે, જે કોઈ અવજ્ઞાથી વંદન કરે એનાથી ઉંચા છે, કેટલાક લોકો એક હાથે મત્થએણ વંદામિ કરે, શાસ્ત્રમાં લખ્યું છે, એક હાથે પ્રણામ કદી પણ કરાય નહિ.

તમે ચાલી રહ્યા છો, તમારા બંને હાથ FREE છે,
તમે એક હાથે ફક્ત નમી લો છો, આ પણ એક
પ્રકારની અવગણના છે. બે હાથ બરાબર જોડવા.
મત્થએણ વંદામિ બોલવું, એવા ભાગ્યશાળીઓ
હોય છે, વાહન ઉભુ રાખી દે, ચપ્પલ કાઢી -
ઉતારી દે, દોડતા.. દોડતા આવે, અને મત્થએણ
વંદામિ કરે. આ એક છેડો છે.

બીજો છેડો, જેવા છતા, અનુકૂળતા
હોવા છતા, હાથ જોડવા, એક હાથે પણ ના કરે,
એવા પણ હોય, અજૈનો પણ હાથ જોડતા હોય
છે, જૈનો જૈન થઈ ને પણ હાથ નથી જોડતા,
તેઓ અજૈનો કરતા પણ પાછળ છે. જેઓ -
સમજેલા છે ગુરુ તત્વ ને, આચાર્યો ને અને હાથ
ન જોડે, પેલા કશું નથી સમજ્યા ને હાથ જોડે,
એનો ઘણો ઉંચો ભાવ કહેવાય. જાણીયા ઘણો -
સંકલિષ્ટ પરિણામ કહેવાય, મુળ પ્રશ્નની નજીક
જાવુ, મહાત્માની મંગલ હતા, આપણી મંગલ ન
લાગ્યા, માટે આપણા માટે મંગલ નહિ. ઉપરથી
ની અવગણના કરી, એનાથી અપમંગળ થયું.
ભગવાન લુહારશાળામાં કાઉસ્સગ્ગ ધ્યાનમાં ઉભા હતા,

Vedanta
READ | WRITE | GROW

લુહાર છ મહિને આવ્યો, પહેલવહેલો પોતાની
લુહાર શાળામાં પગ મુક્યો, ભગવાનના દર્શન થયા,
વિશ્વનું સર્વોત્કૃષ્ટ મંગલ, ધંધો શરૂ કરતા થયું
જોઈએ, એ લુહારને થયું હતું. પણ લુહારે -
એને અપમંગળ, અપશુકન તરીકે લીધું, અને -
એના કારણે લુહારનું ખરેખર અપમંગળ થયું,
અને એના જ ઘણ થી લુહારનું મૃત્યુ ત્યાં ને ત્યાં
ઇન્દ્ર દ્વારા કરી દેવામાં આવ્યું. કેમ મૃત્યુ થયું ?
કારણકે લુહારનું ઘોર અપમંગળ થયું. શા માટે
ઘોર અપમંગળ થયું, એવું કોઈ નિમિત્ત આવ્યું,
તો નિમિત્ત તો બહુ સારામાં સારુ હતું, ઇષ્ટ
હતું, ભગવાનના દર્શન થયા. પણ એણે એને
અપમંગળ તરીકે લીધું, માટે એનું અપમંગળ -
થયું. શક્ર ને ભગવાન ની રક્ષા કરવી હતી,
પેલો ભગવાનને મારવા દોડતો હતો, શક્ર એ -
રક્ષા માટે એની હત્યા કરી દીધી, આ વાતની
સમાંતર આ પણ તથ્ય છે, એણે અપમંગળ -
તરીકે લીધું માટે એનું અપમંગળ થયું.

આગળ વધીએ, સુત્ર નંબર પાત્રીસ,
उचितकालापेक्षणम् ।

જેને દીક્ષા આપવી છે એ દીક્ષાર્થી એને ક્યારે દીક્ષા આપવી, એના માટે ઉચિત કાળ સાપેક્ષ ભાવે વર્તવું. એટલે કે, વિશિષ્ટ તિથી નક્ષત્ર, વગેરે યોગરૂપ જે પ્રકીર્ણક આગમ-સૂત્ર, એમાં જે રીતે વિધિ બતાડી કે આવા-આવા મુહૂર્તમાં, આવા-આવા યોગમાં દીક્ષા-આપવી. તો એની અપેક્ષા રાખવી. એને સાપેક્ષ રહેવું. તીર્થંકર, કેવળજ્ઞાની, ચૌદ પૂર્વધર, દસ-પૂર્વધર, અતિન્દ્રિય જ્ઞાન વાળા મહાત્મા, તેઓ-એવા દીક્ષાર્થી ઉભા થાય એમને દીક્ષા આપી, ઇશારો કરી ને, દેવો વેશ આપે, ભગવાન ઓઘો-આપે, એમની દીક્ષા થઈ જાય, આમાં કોઈપણ-જ્યોતિષ, ટીપણું, પંચાંગ, મુહૂર્ત, કશું વચ્ચે-આવે નહિ. કારણકે તેઓ અતિન્દ્રિય જ્ઞાનથી જ જાણે, કે આ આત્મા યોગ્ય છે. જે ત્યારે, મુહૂર્ત વગેરે પણ બરાબર છે, અને મુહૂર્તની-કદાચ અપેક્ષા ન રહે એવી આત્માની યોગ્યતા છે. આ આત્મા દીક્ષાનો બરાબર પાર પામશે. લીધેલા-મહાવ્રતો એને બરાબર વહન કરશે. આવું જ્ઞાનથી એ મહાપુરુષો જાણે, અને એમને એમ બધું જોયા-વગર દીક્ષા આપી, એ વસ્તુ જુદી છે.

જેઓ છદ્મસ્થ છે, અતિશય જ્ઞાન એનાથી રહિત છે, એવા જે મહાત્માઓ, આચાર્ય ભગવંતો, ગીતાર્થ-ગુરુ ભગવંતો, એમણે અવશ્યઆ મુહુર્ત વગેરે જોવું. આવી શાસ્ત્રીય વિધિ છે. અહીં કહે છે,
तिहिं उत्तराहिं तह रोहिणीहिं कुज्जा उ सेहनिक्खमणं।
ત્રણ ઉત્તરા નક્ષત્ર છે, ઉત્તરા ફાલ્ગુની, ઉત્તરા-ભાદ્રપદ, ઉત્તરા અષાઢા, આ ત્રણ ઉત્તરા વાળા નક્ષત્રો ની અંદર, ચંદ્રનો યોગ થાય. રોહિણી સાથે ચંદ્રનો યોગ થાય, ત્યારે દીક્ષા કરવી જોઈએ. વડિદીક્ષા કરવી જોઈએ. તિથી ના સંદર્ભ માં કહે છે, ચૌદસ, પુનમ, આઠમ, નોમ, છઠ, ચોથ અને બારસ, આનું વર્જન કરવું જોઈએ. આ તિથી એ દીક્ષા વડી દીક્ષા ન કરવી જોઈએ, તમે કહો કે સાહેબ-આવી તિથી એ અમે દીક્ષા જોઈ છે. ત્યારે તિથી કરતા આગળનો યોગ જે કુંડલી, ગ્રહો નો યોગ-વધારે શુભ હોય, તો એ યોગમાં પણ દીક્ષા કરી શકાય. બળાબળ જોવાનું હોય છે, જેટલે વાર-સારો એમ કહેવાય, આ વાર ખરાબ એમ કહેવાય, પણ એ વારે તિથી સારી આવતી હોય. યોગ સારા આવતા હોય, તો એ વાર પ્રશસ્ત પણ થઈ જાય. ની એરીતે પણ દીક્ષા કરી શકાય.

28.09.2021

સૂત્ર નંબર છત્રીસ

उपायतः कायपालनम् ।

ઉપાય પૂર્વક એટલે કે નિરવદ્ય અનુષ્ઠાનના અભ્યાસપૂર્વક, કાય એટલે કે આપણું શરીર નહિ, પણ - ષટ્કાય, આ ષટ્કાય જીવોની રક્ષા, મુમુક્ષુને - શીખવાડવી જોઈએ. એની PRACTICAL અભ્યાસ કરાવવી જોઈએ. અને એમાં એને MASTER - બનાવવી જોઈએ, સંયમનું હાર્દ કોઈ હોય, તો એ ષટ્કાય જીવોની રક્ષા છે. એમની જયણા છે, એના પ્રત્યેની કરુણાની ભાવ છે. એમાં MASTERY ના થાય, તો દીક્ષાનું પાલન સમ્યગ્ ન થઈ શકે, સારી સમજ થયો છે. આને જાળવું રાખીએ!

x x x x

૨૯.૦૯.૨૦૨૧

# ધર્મ બિંદુ ગ્રંથ - વાચના ૩૩

પૂજ્ય હરીભદ્રસૂરી મહારાજ, ધર્મ બિંદુ ગ્રંથના - છત્રીસમાં સૂત્રની અંદર સરસ મજાની વાત કરે છે,

उपायत: कायपालनम् ।

દીક્ષાર્થી ને દીક્ષા પહેલાથી દીક્ષા પળાવવી, આવો - આ સૂત્રનો આશય છે. કે મુમુક્ષુ ને સારામાં - સારી, સાચા માં સાચી, ઉંચા માં ઉંચી દીક્ષા પાળવી હોય, જોગે,

**સાધુ બનતા પહેલા સાધુ બની જવું જોઈએ !**

જ્યારે આપણે સાધુ બનતા પહેલા - સાધુ બની જઈએ છીએ, ત્યારે આપણે સાચા - સાધુ દીક્ષા પછી બની શકીએ છીએ. દીક્ષા એ - દીક્ષા લેતા પહેલા આવી જાય, જેના માટે ની આ વાત છે.

उपायत: कायपालनम्

સંસારી અને સાધુ, શ્રાવક અને સાધુ, આ બે વચ્ચે મુખ્ય ભેદ ત્યાં આવે છે, જ્યાં ષટ્કાય જીવની રક્ષાનો વિશિષ્ટ પરિણામ અને પુરુષાર્થ છે, જેનું નામ સાધુ. જ્યાં રોજ બરોજ થતી વિરાધના - ઓથી સાંસારિક ચર્યાઓથી, ષટ્કાયના જીવો પ્રત્યે,

Vedanta

જોઈએ એવી પરિણામ અને પુરુષાર્થ નથી, એનું નામ શ્રાવક. જેવું સહજ રીતે ભીના રસ્તા-ઉપર જેમ એક માણસ ચાલી શકે જેમ એક-શ્રાવક ન ચાલી શકે, જે રીતે શ્રાવક ચાલી શકે એ રીતે એક મુમુક્ષુ ન ચાલી શકે, જે રીતે-એક મુમુક્ષુ ચાલી શકે એ રીતે એક સાધુ-ન ચાલી શકે. કારણકે એ બધાની સમજણ-અને આચરણ એમાં ઘણો બધો ફરક હોય છે. સામાન્ય માણસ ને કોઈ સમજણ નથી ને-આચરણ પણ નથી. શ્રાવક ને કંઈક છે. મુમુક્ષુ ને એનાથી વધશે, અને સાધુએ સંપૂર્ણ જીવન એને સમર્પિત કર્યું, આગમો નો અભ્યાસ કર્યો વર્ષો થી એ પરિણતિ કેળવી. સાધુ ની કાળજી ઉત્કૃષ્ટ હશે.

સહજ રીતે ઘાસ ઉપર ચલાઈ જાય, સહજ રીતે વરસાદથી ભીના રસ્તા ઉપર કોઈ વિચાર વીના ચાલી શકાય. આગળ વધો ને, સહજ રીતે ઘરે તમને મન થયું કે ચાલો ભાઈ અત્યારે ચા પી લેવી છે, તમે ચા બનાવવા મુકી દીધી, તમારા માટે બહુ સહજ ઘટના છે.

મુમુક્ષુ હશે તો વિચારશે, બીજાની પતી હોય તો એની સાથે થઈ જાય. મારા માટે SPECIAL ના ઉકળે, એ સાધુ વિચારશે કે ભલે બીજાની સાથે થાય તો પણ એમાં મને દોષ લાગશે, મારી ગણતરી આવે છે, માટે નથી પીવી.

દીક્ષાના એક-બે વર્ષ પહેલાની - ઘરના ગુરુદેવ સાથે હું વિહારમાં હતો. વિહાર કરી ને અમે પહોંચ્યા છીએ વિહાર ધામ ભાવનગરથી - પહેલો વિહાર થયો, વિહારધામમાં ઉપાશ્રય હતો, દેરાસર નહતું, વિહાર કરીને ગુરુ મહારાજ સાથે પહોંચી ગયા, પૂજા બાકી હતી, પૂજા કરવા બાજુના ગામમાં જવાનું હતું, દસેક વાગે હું નીકળ્યો હોઈશ, બે-ત્રણ વાગે પૂજા કરીને પાછો આવ્યો, વાપરવાનું બાકી હતું, વિહારધામ સંભાળનાર પરિવાર પોતે જ જાતે જ બધું કરે, ગુરુદેવે જરાક ઈશારો કર્યો કે આ મુમુક્ષુ ને વાપરવાનું બાકી છે, મને IDEA હતી, મેં ગુરુદેવની વાત કરી કે હમણાં બધુ મારા માટે થશે, હજુ ઘણો સમય છે, સાંજે - બધાનું હોય, એની સાથે થઈ જાય તો સારુ, એટલે ગુરુદેવ હસ્યા, અને પીતા વિહારધામ.

પાળાને કહ્યું કે આને બેતાલીસ દોષમાંથી એક દોષ ન લાગે એવી રીતે એને જમાડજે. ગુરુદેવ મારી સાઈડ સમજ્યા કે મુમુક્ષુ છે, એને એવા-સંસ્કાર મળ્યા હોય એટલે એનો એવો ભાવ હોય. બીજુ બાજુ હજુ દીક્ષા તો થઈ નથી, PRACTICAL આ બધું તો હોય નહિ, એને ક્યારનું બાકી છે ત્રણ ચાર કલાકનું, ને આવી બધી નિર્દોષતાની વાત કરે, પણ છતા સમજવાની વાત છે. એક મારી વાત નહિ, કોઈ પણ મુમુક્ષુ હશે ને, એનો આ ભાવ હશે.

उपायत: कायपालनम्।

દીક્ષા લેતા પહેલા જેની અંદર ષટ્કાય જીવોની રક્ષાના પરિણામ નથી. જે આડેધડ પાણી ગરમ કરાવી શકે. જે ઘાસ ઉપર, લીલા વગેરેમાં ચાલી શકે લીલ વાળી જગ્યા છે એ ભગવા છતા જેની બેદરકારી હોજાતી હોય. એને ગુરુ રજા આપી દે કે તમારા-માટે દીક્ષા નથી. સાવ નવા-સવા હોય ને શીખવાડવું પડે એ વાત જુદી છે. શીખવાડ્યા પછીની આ દશા હોય,

એ દીક્ષા લેવા માટે લાયક નથી!

Vedanta
READ | WRITE | GROW

પુણ્ય, પ્રભાવનું, જીવ વિરાધના ભૂલે ચૂકે ન કરવી.
BY CHANCE થઈ જાય, એમાં અનુતાપ ને-
પરિતાપ નો પરિણામ હૈયાંતી હોય, આંખની અંદર
આંસુ આવી જાય, અળાપો થઈ જાય, દિવસ
આખો બગડી જાય, મન UPSET થઈ જાય,
આવી જેની પરિસ્થિતિ હોય, એ દીક્ષા લેવા માટે
લાયક કહેવાય.

હરીભદ્રસૂરી મહારાજ આગળ વધે છે,
સૂત્ર નંબર સાડત્રીસ,

ભાવવૃદ્ધિકરણમ્।

સંયમનો કેવો મહિમા છે, સંયમનું કેવું ફળ છે,
એ દીક્ષાર્થી આત્માને ગુરુ વારંવાર સમજાવે, કે
એક નાનો યોગ સંયમ જીવનનો, કોઈ પણ-
નાના માં નાનો યોગ લો, એ દરેક યોગથી-
અનંતા આત્માઓ કેવળજ્ઞાન અને મોક્ષ પામ્યા છે.
નરકની અંદર અસંખ્ય વર્ષોમાં, ભયંકર દુઃખો-
ભોગવીને જે કર્મ ખપી શકે, એ સંયમ જીવન-
ની અંદર એક અંતર્મુહૂર્ત ની અંદર ખપી શકે.
છે. એક દિવસના સંયમ જીવનની એ તાકાત
છે. કે એ મોક્ષ અપાવી શકે. મોક્ષ ન અપાવે,

નો અવશ્ય વૈમાનિક દેવ લોક તો અપાવે .. અપાવે .. ને અપાવે ..

દીક્ષિત આત્માનો એક જ દિવસનો પર્યાય હોય, પણ અંતરમન થી એમનું મન સંયમમાં પરોવાયેલું હોય,

जइ वि न पावइ मोक्खं अवस्स वेमाणिओ होइ ।

કદાચ ભવ સ્થિતિ લાંબી છે, કદાચ ભવિતવ્યતા એવી છે, કદાચ હજુ થોડા કર્મો બાકી છે, એ જ ભવમાં મોક્ષ ન થાય

अवस्स वेमाणिओ होइ ।

ATLEAST, MINIMUM, કમ સે કમ, વૈમાનિક-દેવ લોક તો એમને મળે, મળે ને મળે, અજબ-ગજબનો આ સંયમનો મહિમા, અધ્યાત્મ-કલ્પદ્રુમમાં કર્યો

यस्य क्षणोपि सुरधामसुखानि पल्यकोटिर्नृणां द्विनवति ह्यधिकं ददाति

જેની એક ક્ષણ પણ, દેવલોકમાં બાણું ક્રોડ, પલ્યોપમ સાધિક, PLUS SOMETHING, એવું દેવલોક નું આયુષ્ય બંધાવતું હોય, એ સંયમ-કેટલું મહાન! આ રીતે સંયમનો મહિમા વર્ણવી ને, સદ્ગુરુ મુમુક્ષુ ના ભાવની વૃદ્ધિ કરે.

Vedanta READ | WRITE | GROW

## સુત્ર નંબર આડત્રીસ,

अनन्तरानुष्ठानोपदेशः।

હજુ દીક્ષા થઈ નથી, હજુ દીક્ષાની વાત ચાલી રહી છે, દીક્ષા થવાની છે, અને એ સમયે, મુમુક્ષ અવસ્થા-માં, એ બધું જ્ઞાન આપે, એ ઉપદેશ આપે, જે-દીક્ષા લઈને કરવાનું છે. અષ્ટપ્રવચન માતા, - ઈચ્છાકાર વગેરે સામાચારી, જ્ઞાનાચાર વગેરે પંચાચાર, અહિંસા વગેરે પાંચ મહાવ્રત, વગેરે વગેરે, દીક્ષીત જીવનમાં જે ઉપાદાન કરવાનું છે, એ વસ્તુ એ બધાની TRAINNING એનો ઉપદેશ, યથાશક્તિ પાલન, એ મુમુક્ષુ અવસ્થામાં પણ-થાય. આવી TRAINNING સદ્ગુરુ આપતા હોય છે.

## સુત્ર નંબર ઓગણચાલીસ,

शक्तितस्त्यागतपसी।

મુમુક્ષુ એમાથી યથાશક્તિ ત્યાગ. જેને આપણે દાન કહીએ છીએ એને શાસ્ત્રીય ભાષામાં, ત્યાગ કીધો છે. અને જેને આપણે ત્યાગ કહીએ છીએ ને એને શાસ્ત્રીય ભાષામાં રસત્યાગ, પ્રતિસંક્ષેપ વગેરે કહેવાય. અહીં કહે છે ત્યાગ, એટલે,

Vedanta
READ | WRITE | GROW

अर्थव्ययलक्षणं देव-गुरु-सङ्घपूजादौ विषये।

मुमुक्षु आत्मा विशिष्ट भगवाननी भक्ति करे. विशिष्ट गुरु भक्ति करे, विशिष्ट संघ भक्ति करे, जिनशासनना सात क्षेत्रनी अंदर, जे यथाशक्ति-दान आपे. जेवी अने उपदेश आपवामां आवे. आमां जे वस्तु छे, के अेनी शासन भावना-वधे, शासननो राग वधे, अेनुं पुण्य वधे, अेनी संघ वगेरे साथेनी आत्मीयता वधे. बीजुं अेनी INDIRECTLY परीक्षा थई जाय, के अेनी हाथ-जेमां केटलो छूटो छे.

योगशास्त्रमां पूज्य कलिकाल सर्वज्ञ हेमचंद्राचार्य कहे छे,

यः सद् बाह्यमनित्यं च क्षेत्रेषु न धनं वपेत्।

पैसो जे बाह्य वस्तु छे, पैसो जे कांई आपणुं शरीर नथी, मन नथी, अंदरनी वस्तु नथी, बहारनी वस्तु छे. पैसो कायम नथी, आजे छे काले नथी, पैसा तमे ना वापर्या, काले क्यां हशे, नहि होय, कांई नक्की नथी. अने छता जेने जिनशासनमां सद्व्यय करवानी भावना न थाय, सवाल पैसानो नथी, सवाल जे वापरे अेनो नथी, सवाल तेने

ઓત્રોમાં જરૂર છે, એની પણ નથી. કલિકાલ - સર્વજ્ઞ જુદી વાત કરવા માંગે છે,
कथं वराकश्चारित्रं दुश्चरं स समाचरेत् ॥
કે આવું દુરછ, બાહ્ય ધન પણ વાપરી શકતો નથી, એ સંયમનું, ચારિત્રનું પાલન કરે એ તો વધારે અઘરી વાત છે, ને એના માટે દુષ્કર વાત છે. જેની આર્થિક ઉદારતા નથી, એની અપ્રમત્ત - સાધના સ્વરૂપ શારિરીક ઉદારતા હોય, સહન - શીલતા સ્વરૂપ માનસિક ઉદારતા હોય, સમર્પણ સ્વરૂપ ગુરુ વિનય હોય, રત્નાધિકો પ્રત્યે નું - ઔચિત્ય હોય, જિનાજ્ઞા પ્રત્યેની વફાદારી હોય, એવી સંભાવના બહુ ઓછી છે, અને લગભગ નથી.

જે રૂપણ હોય, જે કંજુસ હોય, જેનો હાથ ટુંકો હોય, જેને પૈસાનો લોભ હોય, એનો વાંધો નથી, પણ એ લોભ શાસનના રાગ કરતા વધારે હોય, પ્રભુ પ્રિતી કરતા વધારે હોય, ગુરુ ભક્તિ કરતા વધારે હોય, સંઘના અહોભાવ કરતા જેનો પૈસાનો લોભ વધારે હોય, અને જેના કારણે શક્તિ હોવા છતા, પુરુ વાપરતા જ ના હોય, એ દીક્ષા માટે લાયક નથી.

शक्तितस्त्यागतपसी ।

ધારોકે મુમુક્ષુ નાની ઉંમરના છે, પ્રભાવનાના -
રૂપિયા ભેગા કર્યા છે. આમ જુઓ તો કાંઈ નથી
એમ કહીએ તો ચાલે. પણ,

## એની વૈચારિક ઉદારતા કેવી છે ?

જેમ મુમુક્ષુ માંદા પડ્યા, તો એ ભણ્યા કરે છે,
કે એનામાં જે ઔદાર્ય છે કે, બધુ મારુ કુરબાન
આમની સેવા માટે. આ ભુમિકા એમની છે ખરી ?
ક્યારેક ગુરુ જે પરીક્ષા કરી, આખો દિવસ, -
પહેલા આ કરો, પછી આ કરો, પેલુ કરો, ઓલુ
કરો, સાંજ સુધી બેસી જ ના શકે. કશું ભણાયુ
ના હોય, પગ ચઢી ગયા હોય, શરીર તુટી
રહ્યું હોય, અને એ સમયે મુમુક્ષુના મનમાં
એ જ વિચાર હોય કે હું ધન્ય થઈ ગયો, ગુરુદેવે
આજ મને કશું કામ આપતા ન હતા, મને સેવા-
નો લાભ મળ્યો, આ આનંદ.. આનંદ.. આનંદ
થઈ ગયો હોય, આ પણ એક ઉદારતાનું પ્રતીક છે,
પૈસા તો એક નિમિત્ત છે. જેમ પૈસાની છુટ, મોટો-
હાથ, છુટો હાથ, ઉદાર દીલ, એવા મુમુક્ષુ હોય,

જીસ્સામાં હાથ નાખ્યો શું આવ્યું ખબર નથી ને આપી દીધું, એની દીક્ષા વધારે સફળ થાય. બેઈનિ આપે. કદાચ સંયોગ એવા હોય, શક્તિ જ ન હોય એ વાત જુદી છે. છતી શક્તિ ની વાત છે. અને બેઈનિ આપે છે, એ કૃપણતા ના ભાવનું લક્ષણ છે. ત્રીજા નંબરનો અંદર, આગ તેમ જીસ્સાની અંદર ફંફોસીને નાનુ બેઈને આપે છે, એ વધારે-કૃપણતા નું લક્ષણ છે, ન છુટકે આપે છે. સારુ લગાડવા, બીજા બેઠે છે કેવું લાગશે, એની માટે-આપે છે, વધારે કૃપણતા નું લક્ષણ છે. રાળે છે, બહાના કાઢે છે, નાટક કરે છે, વધારે કૃપણતાનું લક્ષણ છે. ફટ દઈને ના પાડી દે.

## કૃપણતા સાથે નિષ્ઠુરતા નું લક્ષણ છે!

એને ગાઢ કારણ સિવાય, જ્યાં થોડી ઘણી પણ-કૃપણતા છે, ત્યાં દીક્ષાની યોગ્યતા ઓછી છે.

शक्तितस्त्यागतपसी

યથાશક્તિ જેને તપ પણ કરાવવામાં આવે, નવા-નવા હોય ત્યાં સુધી નવકારશી કરાવવી એ વાત જુદી છે. [illegible] પણ એકદમ છેક સુધી,

29.09.2021

પચ્ચખાણ ને જ રાખવા, એ મુમુક્ષુના વિકાસને રૂંધવાની ચેષ્ટા છે. યથાશક્તિ, એમની શક્તિ પહોંચે એટલો તપ કરાવવામાં આવે, એટલું - પણ ઔદાર્ય એવામાં આવે, જેને શરીરની ચિંતા છે, જેને દસ.. સાડા દસ.. અગિયાર થયા, એને એકાસણાનું પચ્ચક્ખાણ છે, ભૂખ લાગી ગઈ છે, મન ચકળ વકળ થાય છે, સાંજે આવી ને કહે છે મારાથી એકાસણા થતા નથી, આ શરીરની આસક્તિ છે, સુખ શીલતા છે, દેહાધ્યાસ છે. PRACTICE માટે એમને REJECT ના કરાય, એમને સમજાવવામાં આવે કે ભાઈ સહન - કરવું જોઈએ, ચાર દિવસ કરશો પછી ROUTINE થઈ જશે, વરસીતપ વાળાને ઉપવાસ - ROUTINE થઈ જાય છે, તો આ તો કોઈ બહુ મોટી વાત નથી. ઘણું ઘડતર કરવાનો પ્રયાસ કર્યા પછી, સમજાવ્યા પછી, PRACTICE થયા પછી પણ, જેને શરીરનો રાગ છૂટતો નથી, સહન જેને કરવું જ નથી, જેવા કોઈ ગાઢ - કારણ વગર પણ જેને તપ કરવો નથી, એ દીક્ષા માટે યોગ્ય કહેવાય નહિ, આજે સમય થયો છે, અને આટલું રાખીએ !



Vedanta READ | WRITE | GROW

30.09.2021

# ધર્મ બિંદુ ગ્રંથ - વાચના - 34

અવારનવાર આવો પ્રશ્ન આવતો હોય છે, કુળની અંદર તમે વિભક્ત પરિવાર વાળા થયા અને તદ્દન વિચિત્ર જીવન શૈલી વાળા થયા, ઘરમાં પાંચ વ્યક્તિ હોય ક્યારે મળે નહિ, કદાચ રાતે અગિયાર-વાગે પણ મળે ના મળે. એટલે એમાંથી આવા-બધા પ્રશ્નો ઉદ્ભવતા હોય છે.

જિનને જરૂરી છે સુપાત્ર દાન પણ જરૂરી છે, અને પ્રવચન શ્રવણ પણ જરૂરી છે. ફક્ત-પ્રશ્ન ને વધારે પહોળો કરી દઉં, અત્યારે ઘર-દેરાસર છે, અત્યારે બધુ કરવાનુ હોય એટલે અમે વ્યાખ્યાન સાંભળી શકીએ એમ નથી. ધારોકે બે-જ વિકલ્પ છે, યા તમે ઘર દેરાસર સાચવી શકો, અને યા જિનવાણી સાંભળી શકો, તો શું કરવું, આ તમે પુછવા જાવ તો ચોથા ભાગના ગીતાર્થ-મહાપુરુષો જિનવાણી ઉપર કળશ ઢોળશે. આમતો આવા કોઈ વિકલ્પો જ ના હોવા જોઈએ, બંને જ કરવું જોઈએ. શ્રાવક ઘર દેરાસરમાં પણ મન મુકીને ભક્તિ કરે, સંઘ દેરાસરની અંદર પણ મન મુકીને ભક્તિ કરે અને જિનવાણી પણ-સાંભળે. ત્રણે હોવું જોઈએ. તમે ઘર દેરાસર-

કરો છો, એટલે બાકીના જે ઉડાડી દો છો. છતા જ્યાં વિકલ્પ છે, એવી પરિસ્થિતિ ની અંદર, બંને સચવાય, એવો જ માર્ગ શોધવો એ વધારે સારુ છે. અડોશ પડોશમાં સારા સંબંધ રાખીને, ઘરની ચાવી આપી ને, મહાત્મા પધારે એટલે મારા ઘરે ખાસ વહોરાવજો, આ રીતની REQUEST કરીને, વ્યવસ્થા કરી ને, પ્રવચન અને સુપાત્ર દાન, આ બંને સચવાય એમ છે. બીજા નંબરની અંદર, મુળની અંદર ભવ, વ્યવસ્થાઓ આ બધી બગડે નહિ, આજે તમારો દીકરો એને તમારે ચારે DEGREE અપાવવી છે, એને તમારે MULTI-NATIONAL COMPANY ની JOB કરાવવી છે, એને AMERICA, AUSTRALIA, EUROPE - મોકલવો છે તો આ સ્થિતિ ની અંદર, અત્યારે તો તમે લોકો આટલું બોલો છો, પચ્ચીસ વર્ષ - પછી આ જ સંઘના આ જ ઘરોની અંદર, મહાત્મા જશે, ચા એમને અજૈન મળશે, ચા તાળા મળશે, આનો વિચાર તમે કર્યો છે ખરો ? આ તો તમારો બહુ નાનો પ્રશ્ન છે. પ્રશ્ન ઘણો વિકટ બનવાનો છે. ને તમારે કારણે જ બનવાનો છે. તમારો મોહ, તમારી ઘેલછા, તમારું ગાંડપણ, તમારો

ગાડરીયો પ્રવાહ, એમાં ધર્મ પણ સચવાય એમ નથી, અને તમારો સંસાર પણ સચવાય એમ નથી. તમારું ઘર, તમારું પારિવારિક જીવન, બધુ જ અસ્ત-વ્યસ્ત થાય એમ છે. ગંભીરતાથી આના ઉપર વિચાર કરજો. હજુ આગળ વધીને, તમારે જ્યાં-ત્યાં રહેવા જવું છે, ઘર જ બદલવું છે, જ્યાં સુપાત્રદાન પણ નથી, જ્યાં જિનવાણીનું શ્રવણ પણ નથી, કેટલા ગંભીર પ્રશ્નોનું સર્જન આપણે કરી રહ્યા છીએ. મહાત્મા ની ગોચરી થઈ જવાની છે, તમે દૂર OUT OF CITY જાવ, કે તમે વિદેશ જાવ, મહાત્મા ભુખ્યા રહેવાના નથી. તમારો આત્મા સો ટકા ભુખ્યો રહેશે. એના માટે પણ વિચાર કરજો !

ધર્મબિંદુ ગ્રંથની અંદર અધ્યાય-ચાર, સુત્ર નંબર ચાલીસ, એમાં હરીભદ્રસૂરી-મહારાજા દીક્ષા વિધિમાં આગળ વધે છે.

ક્ષેત્રાદિશુદ્ધૌ વન્દનાદિશુદ્ધ્યા શીલારોપણમ્ ।

બધુ જ CLEAR થઈ ગયું, મુમુક્ષુ બધી જ રીતે PASS થઈ ગયા, હવે શું લેવાનું કે એક ક્ષેત્ર શુધ્ધિ લેવાની. અને બીજુ વિધિ શુધ્ધિ લેવાની.

ક્યા ક્ષેત્રની અંદર દીક્ષા આપવી, એના સંદર્ભમાં હરીભદ્રસૂરી મહારાજ કહે છે, જ્યાં શાલિવન - એટલે કે ડાંગર ના ખેતરો હોય, એ દીક્ષા આપવા માટે પ્રશસ્ત ક્ષેત્ર છે. જ્યાં ઈક્ષુવન હોય, એટલે કે શેરડીના ખેતરો હોય, એ દીક્ષા-આપવા માટે પ્રશસ્ત ક્ષેત્ર છે. જે વૃક્ષ દુધાળુ હોય, અમુક વૃક્ષો દુધાળા હોય, જેમકે રાયણ, જેમકે વડ, જેમ કે પીપળો, તો આવા દુધાળા વૃક્ષ હોય, એની છાયા ની અંદર, અથવા એવા દુધાળા વૃક્ષના વનની અંદર, દીક્ષા લેવી. આ પ્રશસ્ત ક્ષેત્ર કહેવાય.

ગંભિરસાણુણાદ

જ્યાં નદી નો પ્રવાહ વહેતો હોય, અને પ્રવાહ સહજ રીતે પ્રદક્ષિણા વર્ત વહેતો હોય, જેમ - પ્રદક્ષિણા ભગવાનને દઈએ ને, એ ગતિની અંદર પાણી, આગળ વહેતું હોય, તો એ પ્રશસ્ત - ક્ષેત્ર કહેવાય, અથવા જ્યાં પાણી છે એની - ગતિ છે એના ગતિ દ્વારા એવી ધ્વનિ પેદા થતી હોય, જ્યાં ઉપવન છે અને એકદમ પુષ્પો-થી ખીલેલુ છે, એ પ્રશસ્ત ક્ષેત્ર કહેવાય. જ્યાં પદ્મ સરોવર છે, સરોવર છે ને એની અંદર-

બધા કમળ ખીલેલા છે, પ્રશસ્ત ક્ષેત્ર કહેવાય!
જ્યાં જિનાલય હોય, એ પ્રશસ્ત ક્ષેત્ર કહેવાય,
જિનાલયની અંદર દીક્ષા થઈ શકાય, એ પણ
પ્રશસ્ત ક્ષેત્ર કહેવાય. તો આ બધા પ્રશસ્ત-
ક્ષેત્રની અંદર દીક્ષા લેવી જોઈએ.

આજના સમયની અંદર કેટલીક
શક્યતાઓ હોતી નથી, અને કેટલીક જાયગો
રેચિ જ હોતી નથી. એટલે GENERAL કોઈ
હોલ, GENERAL કોઈ PLOT, એની અંદર-
મંડપ, એની અંદર સ્ટેજ, એની અંદર માઈક,
એની અંદર કદાચ હજુ બીજા આધુનિક માધ્યમો,
એને લગોલગ ભોજન મંડપ, એની બધી ઘોંઘાટ,
આપણે પણ દીક્ષા જોઈને કદાચ ટેવાયેલા. અને
કદાચ જઈએ તો આપણી રીતે જઈએ - આવીએ.
આની અંદર જે હેત્રિમના. એની અંદર જે
રિવાજ, આની અંદર કદાચ દીક્ષા મંડપ કરતા, -
ભોજન મંડપ નું મુલ્ય વધારે, આ બધું નજકશાય
એવી કોઈ વાત નથી, એકાંત નથી. પણ -
આમાં જ્યાં - જ્યાં ક્ષેત્ર શુદ્ધિ, અને ભાવ શુદ્ધિ,
આમાં અડચણ આવી, ત્યાં જરૂર વિચાર કરવા
જેવું છે.

ક્ષત્રિયકુંડ નગરની અંદર કોઈ હોલ, પાર્ટી પ્લોટ, વગેરે વગેરે કાંઈ ન હતું એવું ન હતું. આપણા કરતા વધારે સારી વ્યવસ્થાઓ હતી, પણ સમસ્ત જનસમૂહ વરઘોડા સ્વરૂપે. ભગવાનની દીક્ષાનો વરઘોડો એટલે શું ? ભગવાન રાજમહેલમાંથી નીકળી ને, ક્ષત્રિયકુંડના રાજમાર્ગ માંથી પસાર થઈને, જ્ઞાતખંડ ઉદ્યાનની અંદર શિબિકામાંથી ઉતરે, આની જે યાત્રા, આ દીક્ષા નો વરઘોડો.

વર્ષીદાન એક-એક આપવાનું છે, એ પણ છેલ્લા વર્ષથી રોજ આપવાનું છે, એ બધું થઈ જાય છે પછી દીક્ષાનો અભિષેક થાય છે, અભિષેક થયા પછી ભગવાન શ્રેષ્ઠ વસ્ત્ર- અલંકાર- ધારણ કરીને, ચંદ્રપ્રભા નામની શિબિકામાં બિરાજમાન થાય છે, અને સર્વ ઋદ્ધિ સાથે, આખ ત્રણે લોકનું સૌંદર્ય એમાં ઉતરી પડ્યું હોય, એવા વૈભવ સાથે, ઇન્દ્રો, દેવો, દેવીઓ, રાજાઓ, રાજકુમારો, શ્રેષ્ઠીઓ, સાર્થવાહો, સેનાપતિઓ મંત્રીઓ, લાખો, કરોડો પ્રજાજનો, અને એ બધા સાથે ભગવાન જ્ઞાતખંડ- ઉદ્યાન ની અંદર જાય છે. ચોવીસે તીર્થંકરોએ કોઈને કોઈ વનની અંદર દીક્ષા લીધી છે.

મહાત્માની દીક્ષા હતી ત્રણેક વર્ષ પહેલા, થોડું DISCUSSION ચાલતું હતું કે STADIUMમાં કરીએ, જ્યારે જય જૌસઈ ત્યારે આ પરિવાર- માંથી દીક્ષા થઈ રહી છે, પરિવારની ભાવના તપોવનની હતી, અને ત્યારે મેં આ જ વાત કરી કે તમે બિલકુલ ચિંતા ન કરો, તમે ખુશીથી- તપોવનની અંદર દીક્ષા કરો, ચોવીસે તીર્થંકરોની દીક્ષા વનમાં જ થઈ છે.

એ જે પ્રાકૃતિકતા, એ જે- સહજતા, એ જે અંતઃ શુદ્ધિ, એના પ્રભાવે જે ભાવ વૃદ્ધિ, એના પ્રભાવે જે દીક્ષામાં મળતું- બળ, આ બધું શાસ્ત્ર દ્રષ્ટિએ જોઈએ, તાર્કિક દ્રષ્ટિએ જોઈએ, તો આ બધું ઈત્રિય ઉભુ કરીને જે મળે, એમાં એની તુલનામાં આવી ન શકે- એવું જરૂર લાગે, એકાંત નથી, વિકલ્પ ન જ હોય, આજે ક્યાં વન શોધવા જવા. અને તપોવન જેવા વન આજે શોધીએ તો પણ મળે નહિ. પણ છતા કાંઈક વચ્ચેનો રસ્તો, કૃત્રિમતા, - આયોજનો, રિવાજ, રૂઢિ, [redacted] અને રૂઢિ એટલે શાસ્ત્રીય રૂઢિ નહિ, જે થઈ ગઈ એ થઈ ગઈ.

ઓઘો આપે એટલે ઉભા થઈને જતા રહેવાનું
હવે આગળ વધીને, દીક્ષાના સ્ટેજ ઉપર દીક્ષાર્થી
પરિવાર બેઠો છે, સગા-માબાપ છે, પિતાની-
આંખના તારા જેવો દીકરો, દીક્ષા લઈ રહ્યો છે.
વિધિ ચાલી રહી છે, સંગીત એની ધારા, ગુરુ ભગવંત
કાંઈ સમજાવી રહ્યા છે. ગણધર ભગવંત રચિત-
સુત્રો છે. અને એમની નજર PUBLIC ઉપર છે,
આંખમાં ચિંતા છે, ફોન થઈ રહ્યો છે, કે ભાઈ-
માણસ જરા વધારે લાગે છે, ચેઈ લેજો રસોડામાં-
કંઈ વાંધો ન આવે. તમે દીક્ષાને જેવું સ્વરૂપ-
આપ્યું છે, જેમાં ઘરેણા કરતા BOX ની કિંમત-
અનેક ગણી છે. અને BOX ની એટલી બધી-
પલીજીગ કરવી પડે છે, કે ઘરેણું છે કે જતું રહ્યું
છે, આઘુ પાછુ થઈ ગયું છે, એ જોવાની ફુરસદ-
રહેતી નથી. હું તમને પુછુ, મારા જેવા કોઈક-
માથા ફરેલ હોય, અને એ જમણ વગરનો દીક્ષા રાખે
તો તમને કેવું લાગે ? મારા મોઢે શું કહો એની
વાત નથી, તમે બહાર નીકળ્યા પછી, ચાર રસ્તે-
ચાર જણ ભેગા થયા છો, તમારો પહેલો મુદ્દો શું-
હોય ? ધારો કે બે દ્રવ્યનો જમણવાર રાખ્યો તો ?
મારી છે ને ઘણા સમયથી વિચારણા છે, એક તો આપુ,

કાંઈ રાખવું જ નહિ ને BY CHANCE એવું કોઈ
સ્થળ હોય, જ્યાં બીજુ રીતે શક્ય જ નથી. હું
વિચારું છું ત્યારે એક દ્રવ્ય હોવું જોઈએ પીંઆ જેવું,
અને બપોરે બે દ્રવ્ય હોય, પૂર્વ માં પચાસ-સો-
વર્ષ પહેલા, આપણે આ જ બધી પધ્ધતિ હતી. કોઈ
અડધી રાતે શાક સુધારવું નહિ ને, CATERERS ને,
મારી નાખો નથી લેવા, કેવા કેવા માણસો તમને-
પીરસતા હોય છે. મહાત્મા ના વતન ની અંદર ઉપધાન
વગેરે, PROGRAM વગેરે હતું, એમણે વાત કરી કે
આખા ગામ ને આમંત્રણ આપ્યું હતું, બધા જમવા-
આવ્યા હતા, જેવું પીરસવાનું ચાલુ થયું બધા, ઉભા
થઈ ગયા. ઓલા આપણા મહાજનો ગભરાઈ ગયા કે
શું થઈ ગયું, એ કહે કે અમે આ બધા ના હાથે
નહિ લઈએ, આ બધા અમને કોણ પીરસી રહ્યા
છે! આપણું ખરેખર ચસ્કી ગયું છે. જેના ઘરે તમે
પગ ના મુકો, જેના ઘરનું પાણી ન લો, એના હાથનું
તમે, પીર ભરીને, ટેસથી જમી શકો. ધર્મની વાત તો
આગળની છે, સમાજ, સંસ્કૃતિ, સભ્યતા, એને
UNIFORM પહેરાવી દેવાથી થોડી એ શ્રાવક થઈ
જાય છે. એના મોઢામાંથી પાસ આવે છે, એના
આચાર- વિચાર કેવા છે, એનું આપણે ત્યાં કેટલું બધું,
મહત્વ મુકાયું છે.

Vedanta
READ | WRITE | GROW

કે ભાઈ અન્ન રાંધનાર કોણ જોઈએ, પીરસનાર-
કોણ જોઈએ, શ્રાદ્ધ વિધિ જેવા ગ્રંથોની અંદર,
શ્રાદ્ધ ગુણ વિવરણ જેવા ગ્રંથોની અંદર, એના-
માટે કેટલું બધું કહ્યું, અને આપણે આ શું કરી-
રહ્યા છીએ, પાછો દીક્ષાનો પ્રસંગ છે ચોવીસે
તીર્થંકરો માંથી એક પણ તીર્થંકરના દીક્ષા પ્રસંગે
જમણવાર હોતો નથી ઈન્દ્રો છે, દેવેન્દ્રો છે!
કેટલા ઈન્દ્રો જબર છે? ૬૪ ઈન્દ્રો છે ને સ્થુળથી
છે, ટોટલ અસંખ્ય ઈન્દ્રો છે, સુર્ય-ચન્દ્ર ઈન્દ્રો-
અસંખ્ય હોય છે એને માત્ર પ્રતિક રૂપે ગણ્યા
માટે ૬૪ ઈન્દ્રો છે. અસંખ્ય ઈન્દ્રો છે, ભગવાનના
પિતાશ્રી પોતે મોટા રાજા છે, અનેક રાજાઓ ભગવાન-
ના ભક્ત છે, અને ભગવાનની દીક્ષા ઉપર હજાર-
વાનગીઓનો જમણવાર બધાને બેસાડીને સારામાં
સારી રીતે જમાડવું હોય, તો કંઈ જ વાંધો ન આવે.
એવી બધી જ શક્યતા છે, અને છતા પણ,
જમણવાર ન કરવો જોઈએ આવી પણ વાત નથી.
આમાં સમજવાની વાત એટલી છે, કે કદી પણ-
ન જ કરાય એવી વાત નથી બીજા નંબરમાં,
કરવું જ જોઈએ એવી પણ વાત નથી. વર્તમાન-
~~[illegible]~~. રિવાજ, પરંપરા, પ્રથા જેવા થોડા આદર્શની

વાત કરે એટલે પરિવારને પહેલી ચિંતા સામાન્યતઃ થાય, કે કેવું લાગશે ? અને કંઈ આગળ વધીને મધ્યમ વર્ગીય હોય, એને લગ્ન કરતા દીક્ષા ભારે પડી જાય. ખર્ચાની દ્રષ્ટિએ, આર્થિક દ્રષ્ટિએ, આવું કઈ રીતે. ચાલે ? તમે એક વાતાવરણ એવું ઉભું કર્યું કે, કોઈએ પણ કરવું જ પડે, જે કરોડપતિ એ કરવું પડે, એ જ પૈસા એ પણ કરવું પડે. તો આપણ એક-પ્રકારની સૂક્ષ્મ અવિધિ છે.

વરસીદાન COMPULSARY નથી !

મહોત્સવ COMPULSARY નથી !

જમણવાર COMPULSARY નથી !

પ્રભાવના પણ COMPULSARY નથી !

વિધિમાં સ્પષ્ટ કહ્યું,

लोसिऊण विहवोचियं किवणाइं ।।पंचसूत्र।।

યથા વૈભવ વાત છે, જેવો જેનો વૈભવ એવી રીતે એ મહોત્સવ કરે, એ રીતે એ જમણવાર કરે, એ રીતે

એ પ્રભાવના કરે, જેની સ્થિતિ સામાન્ય હોય એ મહાત્મા ને પાંચ મુહપત્તિ વહોરાવી દે. પાંચ ફુલ-ભગવાનને ચડાવી દે, પાંચ સાધર્મિક ને જમાડી ને, આ સ્વરૂપનો પણ હોંશા મહોત્સવ કરી શકે અને એના માટે આ જ સાચો મહોત્સવ! સાચો એટલે જે શાસ્ત્ર કહે છે કે આ બહુ થઈ ગયું. વધારે ખેંચાવાનું. પૈસાથી પહોંચતા હોય તો વધારે વ્યવસ્થા-બરાબર છે. અને માથે છેક સુધી ભાર રહેતો હોય, સ્ટેજ ઉપર પણ શાંતિ ન હોય, તો આટલું બધું-કરવાનું કોણ કહે છે! તમે માણી શકો, તમે એક-એક વસ્તુમાં INVOLVE થઈ શકો, તમે હળવા-ફુલ રહી શકો, આવું જ વિચારો.

નંદિવર્ધન રાજા, ભગવાનનો લોચ જુએ, કરેમિ ભંતે સાંભળે, કે આ બધાની વ્યવસ્થા કઈ-રીતે કરવી, બધુ HOUSE FULL થઈ ગયું છે, તો કઈ રીતે બધુ થાળે પાડવું, આના વિચારો કરે. આટલો તો વિચાર આપણી પાસે જોઈએ ને? પરંપરા ખરાબ નથી, સંઘને જમાડવાનું, સૌભાગ્ય છે એનું વર્ણન થાય એવું નથી, પણ જ્યાં આપણે એટલા બધા જડ ઢાંચાના આગ્રહો રાખીને બેઠા હોઈએ,

30.09.2021

અને બહુ ભગોભગ જે ભોજન મંડપ હોય ને એ જ
દીક્ષામાં ઘોંઘાટ કરતો હોય, એ વાતાવરણ ડહોળતું
હોય, ટોળા જેવા હોય અને પણ થતું હોય કે હું એ
ત્યાં ધક્કા મુક્કી કરીને જઈ આવું, ત્યારે ખરેખર-
ગંભીરતાથી વિચાર કરવો જોઈએ.

ભગવાનની દીક્ષા એમાં જે પ્રાકૃતિકતા છે
વ્યવસ્થા ની શૂન્યતા છે, માત્ર એક સેકન્ડ માટે-
ઇન્દ્ર વ્યવસ્થા કરે છે, ભગવાન ની દીક્ષા ના વર્ણનમાં
લખ્યું, કે એક હાથ મુઠ્ઠી ઊંચી કરે છે ને ઘોંઘાટ-
બધો શાંત થઈ જાય છે. અને પછી ભગવાન કરેમિ-
ભંતે ઉચ્ચરે છે. સહજ રીતે હોય, વાત ભગવાનની જ
હોય, ભાવોલ્લાસ ની જ હોય, PUBLIC ક્યાંય સમાય
એમ નથી ક્ષિતિજ સુધી માણસો છે, અને એ
સમયે ભગવાન દીક્ષા લઈ રહ્યા છે, કરેમિ ભંતે ઉચ્ચરી
રહ્યા છે, ખ્યાલ પણ કેમ આવે. એટલે અહિંયા-
ક્ષેત્ર શુદ્ધિ ની વાત કરી આગળ વધી ને વિધિ શુદ્ધિની
પણ વાત કરે છે, આજે સમય થયો છે, આજે-
આટલું રાખીએ.

01.10.2021

# ધર્મ બિંદુ ગ્રંથ - વાચના 34

ધર્મ બિંદુ ગ્રંથના ચોથા અધ્યાયના ચાલીસમાં સુત્ર-માં કહે છે,

ચૈત્યાદિશુદ્ધૌ

આદિથી વિધિ વગેરેની શુદ્ધિ લેવાની છે, વિધિ, કઈ વિધિ ? હરીભદ્રસૂરી મહારાજને પ્રશ્ન કર્યો, હરીભદ્રસૂરી મહારાજ જવાબ આપે છે,

આદિશબ્દાદિશબ્દ શુદ્ધૌ સત્યાં વન્દનાદિશુદ્ધયો

દીક્ષાની વિધિમાં સૌથી પહેલી વિધિ દેવવંદનની હોય છે. દેવવંદનની વિધિ ભગવાન સમક્ષ, સ્થાપનાચાર્ય-સમક્ષ, ચતુર્મુખ નાણ સમક્ષ, કરવાની હોય છે. આ વિધિ એક મંગલ થાય છે. એક જિનેશ્વરની સ્તુતિ-અનેક જીનેશ્વરની સ્તુતિ, શ્રુતની સ્તુતિ, સમ્યગ્-દ્રષ્ટિ દેવતાની સ્તુતિ, તે તે નિમિત્તના કાર્યોત્સર્ગ, આ દીક્ષાર્થીના દીક્ષા જીવનની શરૂઆતમાં પરમ મંગળ બને છે. દીક્ષા વિધિ ચાલતી હોય ને, એ વિધિ ચાલુ હોય, એની અંદર વિધિ જેને કંટાળા જનક લાગે, સુત્રો જેને પસાર કરી દેવાના લાગે, હવે જલ્દી ઓઘો આવે.. ઓઘો આવે એવું લાગે, તેઓ વિધિને સમજ્યા નથી. માત્ર સવાલ દીક્ષા વિધિની જ નથી, વિધિ પ્રત્યે સામાન્ય પણે પણ આપણા અંતરમાં બહુમાન ક્યાં ? ચૈત્યવંદનની અંદર જે આનંદ આપણને સ્તવનમાં આવે



Vedanta READ | WRITE | GROW

સ્તુતિમાં આવે, જેવી સુત્રોમાં આવે જશે ? નમુત્થુણં એ ~~સ્ત્ર~~ સ્તવન કહેવાય કે ના કહેવાય ? જેનું બીજું નામ શક્રસ્તવ છે. જેટલા ભાવ સ્તવન સુદ્ધામાં નથી એટલા ભાવ નમુત્થુણંમાં ભરેલા છે. આ-બધું સમજવું નહિ, ભણવું નહિ, રહસ્યોમાં ઉંડા-ઉતરવું નહિ, અને BOARING નો STAMP લગાડી દેવી, યા એમાં રસ જ ના ધરાવવો, યા ગબડાવી-દેવું, આ પણ એક પ્રકારની સુત્રોની આશાતના છે.

**પ્રત્યેક સુત્રના પ્રત્યેક અક્ષર દેવતાથી અધિષ્ઠિત છે!**

શાસ્ત્રમાં સ્પષ્ટ કહ્યું,

सुत्ते च लक्खणोवेअं जेण सव्वन्नू भासिअं।

દીક્ષા વિધિમાં થઈ રહેલ સુત્રોચ્ચાર, ઈરિયાવહિ, -નમુત્થુણં, લોગસ્સ, પુક્ખરવરદિ, વગેરે વગેરે સુત્રો એ પ્રત્યેક સુત્રની પ્રત્યેક ગાથાની પ્રત્યેક પંક્તિની પ્રત્યેક અક્ષર,

**પવિત્ર મંત્રના નાદ સમાન હોય છે!**

મહાત્માઓની પડાપડી હોય, આદેશ મને મળે,

Vedanta READ | WRITE | GROW

આ સૂત્રો બોલવાનો, એક આત્મા સંસાર છોડીને નીકળી રહ્યો છે, અને એની વિધિમાં પરમ મંગલ, પ્રથમ મંગલ, શ્રેષ્ઠ મંગલ, આ સૂત્રોચ્ચાર! એક અદબ, શિસ્ત, અનુશાસન જાળવવા માટે તમે શાંતિથી બેઠા તો હો છો, પણ તમારો ભાવ શું છે? એ જ દીક્ષા મંડપમાં AUDIENCE ની અંદર, ભાવથી સૂત્ર સાંભળતા, પરમ મંગલ ની પ્રતીતિ કરતા, પણ ચારિત્ર મોહનીય કર્મના ભુક્કા બોલાય શકે છે.

ઠીક કાંઈ થયું, વચ્ચે જાહેરાત થઈ તમને રસ ભંગ જેવું લાગ્યું, તમે ઉભા થઈ શકો, ફોનમાં જોઈ શકો, વાત કરી શકો, આજુબાજુ જોઈ શકો, તો તમે કશું જ સમજ્યા નથી ઘણીવાર દીક્ષા વિધિમાં વચ્ચે વચ્ચે કહેવામાં આવે, હવે દસ જ મિનિટ છે, હવે પાંચ જ મિનિટ છે, હવે પંદર જ મિનિટ બાકી છે, મને મનમાં થાય, જેમને જવું હોય એ જાય. શું જરૂર છે તમારે આ રીતે તમને જાણ કરાવવામાં આવતા હોય. કે ભાઈ PLEASE બેસો, PLEASE નાહિ જાવ! જાવ જવું હોય તો, દીક્ષાની બધી વિધિ થવાની છે, સર્વ મંગલ સુધીની બધી વિધિ થવાની છે ને તમારી

વગર કોઈ પણ વાંધો આવવાનો નથી જરૂર દીક્ષાર્થીને નથી, જરૂર ગુરુભગવંતોને, સંચાલકોને, આયોજકોને, દીક્ષાર્થી પરિવારને નથી, જરૂર તમને છે.

એક જૈન ગામની અંદર, જૈનોના ઘર નહિંવત્ થા નથી, PUBLIC/AUDIENCE - MAJORITY અજૈનોની છે. એ લોકો કઈ રીતે દીક્ષાને જુએ છે, માને છે, કઈ રીતે એમના ઉપર દીક્ષાનો પ્રભાવ પડે છે, કઈ રીતે તમારા ઉપર પ્રભાવ પડે છે, એને COMPARE કરો તો પ્રશ્ન થાય કે ભાઈ જૈન કોણ ? સવાલ સમજાયો તમને ? માત્ર દીક્ષાના સમારંભમાં નહિં, કોઈ પણ ધાર્મિક પ્રસંગની અંદર જ્યારે તમને કહેવું પડે, માત્ર પંદર મિનિટ બાકી છે, ઓલા સંચાલકને ફડકો હોય છે, ક્યાંક બધા ઉભા થઈ જશે, માટે વારંવાર વારંવાર એ કહેતા રહે, હવે આટલું છે... હવે આટલું બાકી છે.. પાંચ-મિનિટની.. પંચાવન મિનિટ થઈ પણ જાય, પછી તમે કહો કે એ પાંચ મિનિટ કહેતા હતા ને કેટલો બધો ટાઈમ થઈ ગયો, તમે પણ ટેવાઈ જાવ છો, સમજદાર બની જાવ છો, પાંચ મિનિટનો અર્થ સમજુ જાવ છો. તમારી રીતે તમે વર્તો છો. કોઈ ફરક પડતો નથી,

ગમે તેવી જાહેરાત થાય. પછી બીજા પણ હોંશિયારી
આવે કે પ્રભાવના સર્વ મંગલ પછી ચાલુ થશે, અને
આમ થશે ને તેમ થશે. આ બધી પરસ્પર ની -
હોંશિયારીઓમાં શાસનની શોભા નથી, આત્માનું હિત
નથી. શા માટે જે બધા ત્યાં બેઠા છે એ લોકો
આટલું નક્કી ના કરી શકે, કે ભાઈ આપણે સંસાર-
માં ઘણો બધો સમય વેડફતા હોઈએ છીએ સાવ
નવરા બેઠા નખ્ખોદ વાળે, એવા આપણા કલાકો ના
કલાકો વિતતા હોય છે. એમ ને એમ વજૂદ વગરની,
મતલબ વગરની વાતો આપણી કલાકો સુધી ચાલતી -
હોય છે. સમય પુષ્કળ વેડફાતો હોય, ત્યારે અહીંયા
આ કાર્યક્રમની આમાન્યા રાખવા શા માટે પાછા
પડીએ છીએ ? કોઈ પણ ધાર્મિક પ્રસંગ હોય ત્યારે
BEFORE TIME આવવું, અને સર્વ મંગલ સુધી
બેસવું નહિ, આટલું તમે કરો તો, કેટલો ખર્ચો લાગે
તમને ? આ એક પ્રકારની અવજ્ઞા છે. પ્રવચનમાં
પણ ઝટકા વગર, નિરાંતે આવવું, એ પણ -
જિનવાણી ની અવજ્ઞા છે. આવવું જ નહિ મોટી
અવજ્ઞા છે. ધાર્મિક કાર્યક્રમો, મોડા શરૂ થયા,
કલાક.. કલાક કારણકે આપણે આવ્યા ન હોઈએ.
કોઈને કોઈની રાહ જોવી નથી, સનાકુકડી ચાલે,

સંચાલક, સંગીતકાર, આયોજક તમારી રાહ જુએ, તમે એમની રાહ જુઓ, મોડા જવું, વહેલા નીકળવું, વચ્ચે આંટા ફેરા મારવા, વાતોચીતો કરવી, આઘુ-પાછુ એવું, એક તદ્દન નવી વ્યક્તિ, આપણા ધર્મની કે બીજા ધર્મની એ આવી હોય, એ આપણું બધું ચિત્ર જુએ, એ જ કાર્યક્રમમાં તમે પાંચ લાખ રૂપિયા-નો ખર્ચો પણ કર્યો છે. એ તમારા પાંચ લાખ રૂપિયા નહિ બોલે, ખર્ચો નહિ બોલે, જમણ નહિ બોલે, કઈ કઈ વાનગી હતી એ નહિ બોલે, એ તમારી અશિસ્ત બોલશે, તમારી અંધાધુંધી બોલશે, તમારી અવજ્ઞા, અવગણના, આશાતના, આપખુદી પણું, મનમાની, જેને જેમ ફાવે એમ-કરે, આ પ્રકારનો દેખાવ, એ માણસ યાદ રાખશે.

એક પણ રૂપિયાના ખર્ચા વગર, એક અહોભાવ, આમાન્યા, શિસ્ત અને અનુશાસન-દ્વારા, શાસનની ઉત્કૃષ્ટ પ્રભાવના પણ આપણે કરી શકીએ છીએ. એક મહાત્મા હોય, પાંચસો-આયંબિલ, માસક્ષમણ, જેવા કોઈ મોટા તપનું એમને પારણુ છે, કેટલા બધા પૈસા ભાભાયો એ ખર્ચા છે, મહોત્સવ કર્યો છે, કાર્યક્રમો ચાલે છે,

Vedanta
READ | WRITE | GROW

છેલ્લો દિવસ આવ્યો છે, મહાત્માને પારણું બાકી છે,
આપણને નવકારશીની ચિંતા, એક આત્મા-
સંસાર છોડી રહ્યો છે, દીક્ષા લઈ રહ્યો છે, એક
મા-બાપ એના લાડલાને શાસનના ખોળે સોંપી-
રહ્યા છે. અને એમ કેમ ના થઈ જાય કે આજે-
આપણાથી જવાય જ કેમ ? અને ભલે એવું કંઈ-
નથી કે એ દિવસે, ઉપવાસ જ કરવો. પણ-
એમ કેમ ના થાય કે બધી વિધિ પુરી થાય,
આપણે એ નુતન દીક્ષિત ને જોતા જ રહીએ,
એના ભાવોનું અવલોકન કરતા જ રહીએ, દીક્ષા
પછી વંદન થઈ ગયા, સર્વમંગલ થઈ ગયું, એમની
સાથે દેરાસર જઈએ, એમની સાથે ઉપાશ્રયે-
જઈએ. એ નવકારવાળી ગણવા બેઠા હોય એમને
જોતા રહીએ. છેવટે આપણા ~~[illegible]~~ સ્વજનો,
હસીને આપણને જમવા લઈ જાય, કેમ આવું ના
થાય ? આપણે અટ્ઠાઈ કરનારા, માસક્ષમણ-
કરનારા, આપણને ભુખ સહન નથી થતી ?
આપણને બહુ જ જરૂરી હતું ત્યારે જાવા માટે દોડી
ગયું. બહુ જરૂરી હતું કે આપણે પણ બધા સાથે
ચગાચકડીમાં જોડાઈ જઈએ, બહુ જરૂરી હતું કે-
આપણે પુરી વિધિ ન જ માણીએ.

Vedanta
READ | WRITE | GROW

એટલી બધી તુચ્છ અને ક્ષુદ્ર ભૂમિકા આપણી છે,
એ આપણી પાસે આ FEELINGS નથી
કદાચ દીક્ષા ના મંડપમાં જઈને, આપણે કર્મ બાંધી
દેતા હશું, એ આપણને દીક્ષા દીક્ષા જ નથી લાગતી.
એ જે એક અવસર આપણને મન ભરીને માણી
લેવાનો, કર્મો ના ભુક્કે ભુક્કા બોલાવી દેવાનો,
હિબકા ભરી ભરીને રડી લેવાનો, અવસર જ નથી
લાગતો. જે આત્મા તરી જશે, પરિવાર તરી જશે,
હું કહું છું તમારા દીકરા, ભત્રીજ, ભાણેજ, વગેરે
ની દીક્ષા હોય તો તમે બધી રીતે એડાવાના છો,
તમે એમને ઉપાશ્રયે મૂક્યા સિવાય, નવકારવાળી
ચાલુ હોય છે, પરિવારવાળા બેઠા રહ્યા હોય છે,
એમને કહેવામાં આવે કે હવે તમે એવ. અને
પરિવારવાળા કહે કે હવે જે પાણી વાપરી લે ને.
પછી એમને થોડી શાંતિ થાય. અમે પછી જઈએ,
ભાઈ! કંઈ ઉતાવળ નથી. હું કહું છું, આપણને

સંબંધનું વધારે મૂલ્ય છે કે સંયમનું વધારે મૂલ્ય છે!

આપણા દીકરા મહારાજ, ભત્રીજા મહારાજ છે, તો
બધું જ કરી છુટવા તૈયાર. ભલે પ્રસંગ સંયમનો છે,

ભલે પ્રસંગ દીક્ષાનો છે, પણ આપણે જે કરી છૂટવા તૈયાર, જે ભોગ આપવા તૈયાર, છેક સુધી બધી રીતે હાજરી આપવા તૈયાર, મહેમ જીભાવવા તૈયાર-ને ઉઠાવવા પણ તૈયાર, ભલે પ્રસંગ દીક્ષાનો છે, આપણો બધો જ ભોગ એ, સંબંધના આધારે-આપવામાં આવે છે, તો એ,

## સંયમનું બહુમાન નથી, સંબંધનું બહુમાન છે!

અને જે ભોગ આપીએ છીએ જેનો આધાર સંયમ-હશે તો, જે પણ આત્મા, કદાચ દૂરની વ્યક્તિ હશે, કદાચ અજાણી વ્યક્તિ હશે, સંયમ લઈ રહી છે. આપણું આખા દીક્ષાના કાર્યક્રમાં એ જ રીતે, - INVOLVEMENT હશે, જેટલું આપણા દીકરા-મહારાજની દીક્ષામાં INVOLVEMENT હતું!

આપણને એવી ભ્રમણા થઈગઈ છે, કે આપણે ઘણી બધી દીક્ષા જોઈ, પેલા અજૈનો એ કહી એઈ નથી, માટે એ લોકોને IMPORTANCE હોય, એ લોકો રે, એ લોકો જમ્યા વગર ઘર-ભેગા થઈ જાય, એને ચાર દિવસ ખાવાનું ભાવે નહિ!

મન સંસારમાં ક્યાંય ચોંટે નહિ! આપણે ઘણી બધી ટીકાઓ જોઈ. માટે આપણને જોવું પાય- નહિ, આપણે આપણા આત્માને પૂછીએ, કે આપણે ઘણી બધી જોઈ છે કે,

હવે આપણે એક પણ ટીકા જોઈ જ નથી!

જે કામ થઈ જાય છે એ,

આત્મહિત ના ક્ષેત્રે કોઈ કાંઈ કાઢી શકતા નથી!

ટીકા અહિંયા આવી જાય તો પણ ગેરહાજર હોય છે.

ટીકાને નવડાવી દેવામાં આવે તો પણ એ કોરા જ હોય છે.

ગમે તેટલો સારામાં સારો ધર્મ પ્રસંગ થઈ જાય, જેમને કશું અડતું નથી, જેઓ ભોગના નથી, એમના માટે એ કર્મ પ્રસંગ જ હોય છે.

ધર્મ પ્રસંગ હોતો જ નથી!

Vedanta
READ | WRITE | GROW

બહુ ભીના થવાના અવસરે, જેઓ કોરા ધાક રહે છે, એક અપેક્ષા એ કહી શકાય કે જેઓ ગેરહાજર છે, એમના કરતા પણ તેઓ વધારે કમનસીબ છે. ગેરહાજરમાં હજુ સંભાવના છે કે તેઓ ભીના થઈ શક્યા હોય, એ રડી શક્યા હોય, એ જે આવ્યા હોત તો પામત એવી યોગ્યતાની એમનામાં સંભાવના પણ છે. ભીના થવાના-અવસરે કોરા, કાચા, શેઠા રહી શકે, તેઓ તો પોતાની જાતે, પોતાના કપાળે, અયોગ્યતાની STAMP લગાડીને જતા હોય છે, આના કરતા [illegible] વધારે દુ:ખની વાત બીજુ કઈ હોય શકે.

## કોમળ બનો, ભીના બનો!

છુટી જાવ અંદરથી, રડો પડો હિબકા ભરી-ભરીને, હવે પાપ કરવું જ અશક્ય થઈ જાય, સંસાર ગમવો-જ અશક્ય થઈ જાય, સતત એ ઓઘો લઈને-નાચતા દીક્ષાર્થી એ [illegible] કરેલી કરેમિ ભંતેની જુહારી, એ લોચ, એ નામકરણ, એ પ્રદક્ષિણા, એ સંઘના આશિર્વાદ, અને પ્રત્યેક પળે છલકતી એ નુતન દીક્ષિત ની પ્રસન્નતા, એ ચહેરા ઉપર

01.10.2021

તરવરતું ભાવ વિશ્વ, બસ એ ઘુમરાયા જ કરે.. ઘુમરાયા જ કરે.. અને એ બે-ત્રણ કલાક આપણા જીવનનો TURNING POINT બની ને જ રહે ! તો કહેવાય કે આપણે ખરા અર્થમાં ભીંજા ગઈ છે.

ગંભીરતાથી વિચાર કરજો, પ્રત્યેક વ્યાખ્યાન, પ્રત્યેક પ્રભુ પૂજા, પ્રત્યેક સામાયિક, પ્રત્યેક સૂત્રની ગાથા, પ્રત્યેક ધાર્મિક પુસ્તકનું પ્રત્યેક પાનુ, પળે પળે આપણે પલળતા હોઈએ, એના માટે આ બધુ છે. એવું ના થતું હોય, તો બધુ હોવા છતા આપણા માટે નથી. એના માટે પુરુષાર્થ કરજો, જાગે સમય થયો છે, જાગે આટલુ રાખીએ !